સુવિચાર

જ્ઞાન એ દોરો પરોવેલી સોય જેવું છે. દોરો પરોવેલી સોય ખોવાતી નથી તેમ જ્ઞાન હોવાથી સંસારમાં ભૂલા પડાતું નથી.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૧૦/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું : વિક્રમ સવંત ૨૦૮૦ આસો વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૨૬૯



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ફ્રી ઓપરેશન શ્રેષ્ઠ સારવાર આધુનિક સુવિધા ફ્રી ઓપરેશન
દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
- પથરી,
- પ્રોસ્ટેટ,
- કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
- પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
- તથા એન્ડોસ્કોપિક પધ્ધતિ દ્વારા ઓપરેશન


ફ્રી ડાયાલીસીસ સારવાર

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦


## લાઠીનાં ગાગર જેવડા દુધાળા ગામે સાગર જેવડું ઉમદા કાર્ય

# પ્રધાનમંત્રી મોદીએ ભારતમાતા સરોવરનું કર્યુ લોકાર્પણ

- રાજ્ય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનનાં સહયોગથી સરોવરનું થયું નિર્માણ
- બે લાખ ઘનમીટરનાં ખોદાણ બાદ પાણીની સંગ્રહ ક્ષમતા ૨૪.૫૦ કરોડ લીટર થઈ
- લાઠી અને લીલીયાનાં હજારો ખેડૂતોને પરોક્ષ સિંચાઈનો લાભ મળતો થયો
- રાજ્યપાલ દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સવજીભાઈ ધોળકીયા સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમરેલી જિલ્લાની મુલાકાત દરમિયાન રાજયપાલ આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દુધાળા ખાતે ગાગડીયો નદી પર નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ કર્યુ હતું.

વડાપ્રધાને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રિમોટની સ્વીચ દબાવી ૭૦ એકરમાં નિર્મિત અને ૨૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહ ક્ષમતા ધરાવતા આ ભારત માતા સરોવરની તકતીનું અનાવરણ કર્યુ હતું.

વડાપ્રધાન સહિતના મહાનુભાવો આ તકે પ્રદર્શનીના માધયમથી ગાગડીયો નદીના નવસર્જન અને જળસંચયનાં કામોથી અવગત થયા હતા. આ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાતા સરોવર સહિતના જળસંચયના કામોનું નિરીક્ષણ પણ કર્યુ હતું.

ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સહયોગથી અમરેલી જિલ્લામાં ગાગડીયો નદીનું નવસર્જન થયું છે. બાબરાના ચમારડી ગામેથી ઉદભવતી ગાગડીયો નદી પર


અનુસંધાન પાના ૬ ઉપર


## જુદા–જુદા વિસ્તારમાં મકાન ભાડે અપાયા

# અમરેલીમાં પોલીસને જાણ કર્યા વગર મકાન ભાડે આપનાર વિરૂધ્ધ ફરિયાદ

### જુદા–જુદા મકાન માલીક વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૨૮

અમરેલીમાં ગીરધરનગર લાઠી રોડ ઉપર રહેતા અશોકસિંહ જોરાવરસિંહ રાણા, હનુમાનપરા રોડ ઉપર આવેલ સત્યનારાયણ સોસાયટી–૧ બ્લોક નં.૬૨ માં રહેતા જયેશભાઈ ભાનુભાઈ રાવલ, અમરેલીના મીનીકસ્બાવાડ રહેતા મોઈનભાઈ અજીજભાઈ પરમાર, ગુલજારીબેન જાકિરભાઈ પઠાણ, વિરેન્દ્ર ભીખુભાઈ રેણુકા તથા ભરતભાઈ બાલુભાઈ ટાંક વિગેરેએ પોતે પોતાના મકાન ભાડે આપ્યા અંગેની સીટીપોલીસ સ્ટેશનમાં જાણ નહીં કરી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જાહેર કરેલ જાહેરનામું નં.નાચિ/પલસ/ વશી/૭૫૦૮–૭૫૪૪/૨૦૨૪ તા. ૨૪/૧૦/૨૦૨૪ જાહેરનામાનો ભંગ કરતા આ તમામ લોકો સામે પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
70,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૮/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
હવે આપણી ગોળ હોસ્પિટલમાં નિયમિત મળશે .......
- ડાયાબિટીસ - કિડની - લીવર ની તકલીફ
- હૃદયરોગ - બીપી
- શ્વાસ ચડવો
- પેરાલીસીસ અને આંચકીની તકલીફ વગેરે તકલીફ ની સારવાર માટે મળો
કેશલેસ મેડિક્લેમ સુવિધા ઉપલબ્ધ





ડૉ. હિરલ ફુચા
એમ.ડી (કન્સલ્ટન્ટ ફિઝિશિયન અને કાર્ડિયો ડાયાબિટોલોજિસ્ટ)
24X7 ઈમરજન્સી અને એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ
અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૯ થી ૨ અને સાંજે ૫ થી ૮
એન.સી.ટી. કેમ્પસ, ગોળ હોસ્પિટલ, ચિતલ રોડ, અમરેલી

ધનતેરસના શુભ દિવસે શુકનવંતી ખરીદી કરો..
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ ખરીદી કરો અને લાખોના ઈનામો જીતવાની તક મેળવો
તા. ૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી
નિલકંઠ જ્વેલર્સ | સૌથી | નિલકંઠ જ્વેલર્સ



LG Life's Good.






Celebrate this Navratri, by bringing home the joy and happiness with exciting offers on LG UHD TV.
CELEBRATION OFFERS
FIXED EMI ₹999/-* onword
0% DOWN PAYMENT
10% CASHBACK (Max upto ₹7500/-)
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

## દિવાળીનાં વેકેશન પહેલા ખેડૂતો મહેનતનું વળતર મેળવવા ઉત્સુક બન્યા

# ઓહોહો : બાબરા માર્કેટયાર્ડમાં ૩૦ હજાર મણ કપાસની આવક

- જો કે લોહી-પાણી એક કરીને તૈયાર કરેલ કપાસનો ભાવ માત્ર ૧૩૫૦થી ૧૫૮૦ સુધી મળતા કચવાટ
- દિવાળીનાં તહેવારમાં નાણાની જરૂર હોવાથી મનેકમને ખેડૂતો કપાસ વેચવા મજબુર
- અતિવૃષ્ટિનાં લીધે કપાસમાં ભેજ હોવાથી પણ પુરતા પ્રમાણમાં ભાવ મળતો નથી
- બાબરા માર્કેટયાર્ડમાં લાભ પાંચમ સુધીની રજા પણ જાહેર કરી દેવામાં આવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરા માર્કેટીંગ યાર્ડમાં સિઝનની શરૂઆતથી કપાસની મબલક આવક જોવા મળી રહી છે. ૧૦ થી ૧૫ હજાર મણની આવક તો યાર્ડમાં સામન્ય રહેતી હોય છે. પણ દિવાળીના મોટા તહેવારને લઈ ખેડૂતો કપાસ વીણવામાં ઝડપ રાખી યાર્ડમાં વેચાણ કરવા આવતા હોય છે. કારણ કે દિવાળી તહેવાર કરવા નાણાંની ખેડૂતો સહિત નાના મોટા મજૂરને પણ જરૂર પડતી હોય છે.

બાબરા યાર્ડમાં બાબરા તાલુકા સહિત જસદણ, ઢસા, બોટાદ, અમરેલી, શિહોર, વલ્લભીપુર સહિતના વિસ્તારોમાં કપાસ મોટા પ્રમાણમાં આવી રહ્યો છે. જોકે શરૂઆતના દિવસોમાં ૧૪૦૦થી ૧૬૨૦ સુધી ભાવ રહ્યો હતો પણ બે દિવસથી કપાસનો ભાવ બગડયો છે હાલ ૧૩૫૦થી ૧૫૮૦ રહેતા ૪૦ થી ૫૦ સુધી ભાવમાં ફેર રહેતા ખેડૂતો કચવાટની લાગણી અનુભવી રહ્યા હતા. હાલ બાબરા યાર્ડમાં ૩૦ હજાર મણની આવક જોવા મળી હતી અને ભાવ ૧૩૫૦ થી ૧૫૮૦ રહ્યો હતો.

યાર્ડના સેક્રેટરી અજયભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, કપાસમાં ભેજ આવતો હોવાથી ભાવ ફેર આવી રહ્યો છે. હાલ બાબરા યાર્ડમાં કપાસ ભરેલા ઢગલા તેમજ લાંબી વાહનની કતારો જોવા મળી રહી છે. દિવાળી તહેવારની રજાનો યાર્ડમાં આજે છેલ્લો દિવસ છે આવતી કાલે તા. ૨૮/૧૦ થી ૫/૧૧ સુધી આઠ દિવસનું યાર્ડમાં દિવાળી વેકેશન પડવાથી ખેડૂતો મોટી સંખ્યામાં કપાસ વેચાણ માટે આવી રહ્યા છે. લાભ પાંચમના દિવસે યાર્ડ ફરી ધમ ધમી ઉઠશે.

### જનતા જનાર્દનમાં દિવાળીમાં તહેવારોમાં ફફડાટ

## અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં રવિવારે સાંજે ભૂંકપનો ૩.૭નો આંચકો

### ધારીથી ૧૬ કિ.મી. દૂર એપીસેન્ટર હોવાનું ખુલ્લું



અમરેલી, તા. ૨૮

અમરેલી શહેર સહિત જિલ્લામાં ગઈકાલે સાંજના સમયે ભૂકંપનો આંચકો આવતાં અને મકાનોની દીવાલ ધ્રુજવા લાગતા લોકોમાં ગભરાટ ફેલાઈ જવાથી લોકો ઘરની બહાર દોડી ગયા હતાં. આ બનાવથી ભારે ચકચાર મચી જવા પામી છે.

અમરેલી શહેર સહિત જિલ્લાના ધારીના ગીર પંથક, ખાંભા ગીર પંથક, લાઠી, લીલીયા, સાવરકુંડલા વિસ્તારમાં ગઈકાલે સાંજના ૫.૧૬ મિનિટે અચાનક જ ધરતી ધ્રુજી ઉઠી હતી. જેના પગલે લોકોના મકાનોની દીવાલો પણ હલબલવા લાગતા લોકોને ભૂકંપનો આંચકો આવ્યોનો અહેસાસ થતાં જ લોકોમાં ગભરાટ ફેલાતા લોકો ઘરની બહાર દોડી ગયા હતાં. આ બનાવથી ભારે ચકચાર મચી જવા પામી છે.

જયારે સાવરકુંડલાના મીતીયાળા, ધજડી, સાકરપરા, સહિતના ગામોમાં પણ જમીન ધણધણી ઊઠી હતી. જયારે ગાંધીનગર સિસ્મોલોજી વિભાગે ૩.૭નો આંચકો અનુભવ્યો હોવાની માહિતી આપી હતી. જયારે એપીસેન્ટર ધારીથી ૧૬ કી.મી. દૂર હોવાના કારણે સેથી વધુ અસર ધારી શહેર તથા ગીર પંથકમાં જોવા મળી હતી.

ગઈકાલથી દિવાળીના તહેવારો શરૂ થયા હોય લોકો તહેવારોની ખરીદીમાં વ્યસ્ત હતાં ત્યારે અચાનક જ ધરતી ધણધણી ઊઠતા લોકોની ગત ૨૬ જાન્યુઆરી ૨૦૦૧માં આવેલ ધરતીકંપની યાદ આવી ગઈ હતી.

ખાંભા તાલુકાના તાતણીયા ગામે ધરતીકંપના આંચકાથી રત્ન કલાકારોમાં દોડધામ મચી જવા પામી હતી. હીરાના કારીગરો પોતાના કામ છોડી ભાગવા લાગ્યા હતાં. આ બનાવના રત્ન કલાકારોના સીસીટીવી થયા સોશીયલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

## બાબરાનાં કીડી ગામનાં આર્થિક રીતે સામાન્ય ખેડૂત પરિવારનાં યુવાને જીપીએસસીની પરીક્ષા પાસ કરી

બાબરા, તા. ૨૮

બાબરા તાલુકાના કીડી ગામે રહેતા સામન્ય કોળી ખેડૂત પરિવાર કેશુભાઈ બાઘાભાઈ ઝાપડીયાના પુત્ર અનિલ ઝાપડીયાએ જીપીએસસી ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં બીજો કર્મ મેળવી પાસ થતા કોળી સમાજ અને કીડી ગામનું ગૌરવ વધારતા પરિવાર કોળી સમાજ દ્વારા ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

અનિલ કેશુભાઈ ઝાપડીયાની શૈક્ષણિક કારકિર્દી પર નજર કરીએ તો ૨૦૧૫માં આર.કે. યુનિવર્સિટીમાંથી B.TECH (Iformation Technology)માં ડિસ્ટિન્શન સાથે એન્જિનિયરિંગ પૂર્ણ કર્યુ અને ૨૦૧૭માં આર.કે. યુનિવર્સિટીમાંથી M.Tech (Computer Engineering) ડિસ્ટિન્શન સાથે પૂર્ણ



કર્યુ, સાથે ગોલ્ડ મેડાલિસ્ટ બન્યો.

અગાઉ તેણે ઘણી વર્ગ–૩ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે તલાટી કમ મંત્રી, જુનિયર કલાર્ક, નાયબ મામલતદાર વગેરેમાં નિષ્ફળ થયા હતા તેમ છતાં હાર માન્ય વગર આગળ તેઓએ ૨૦૨૦ માં DGVCL પરીક્ષામાં પમા ક્રમે સફળતા પ્રાપ્ત કરી અને જુનિયર ઈજનેર (IT) તરીકે પ્રથમ સરકારી નોકરી મેળવી.

૨૦૨૦ થી દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ (સરકારી વિજ કંપની)માં જુનિયર ઈજનેર (IT) તરીકે ફરજ બજાવી રહ્યા છે. ૨૦૨૧થી GPSCની તૈયારી કરી રહ્યા હતા અને આ પ્રથમ જ પ્રયાસમાં ભવ્ય સફળતા મળી છે. ગુજરાતભરમાં ૨મો ક્રમ મેળવ્યો અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગમાં ICT ઓફિસર, વર્ગ ૨ તરીકે પસંદગી મળી. હવે આગળ તેઓનું લક્ષ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગમાં સહાયક નિયામક (IT) વર્ગ – ૧ બનવાનું છે. અનિલભાઈનું કહેવું છે કે દેશ અને સમાજના હિત માટે સમર્પિત અને ન્યાયસભર રીતે કામ કરવાની ઈચ્છા છે આ સફળતામાં તેઓ માતા–પિતા, પત્ની, નાનો ભાઈ, બહેન અને અશોકભાઈ બનેવીને સમર્પિત કરી હતી.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

વેચવાની છે

સેવરોલેટ એન્જોય મોડલ–૨૦૧૩ (૮–સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.

સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...

બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધધ.... ખજાનો......



રીટેલર રેડીમેઇડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....

નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે

હોલસેલ..... હોલસેલ......

ફકત વેપારીઓ જ સંપર્ક કરે...

સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮















## સમગ્ર દેશમાં ન બની હોય તેવી પ્રેરણાદાયી ઘટના બનવા જઈ રહી છે

# ચમારડીમાં ૪૮ કલાક બાદ મહાનુભાવોની પ્રતિમાનું થશે સ્થાપન

**દેશનાં પાંચ લાખ ગામડાનાં પાદરમાં કયાંય ન હોય તેવી સુવિધાઓ ચમારડીનાં પાદરમાં ઉભી કરાઈ**

**દેવાધિદેવ મહાદેવની નિશ્રામાં દેશનાં દિવંગત મહાનુભાવોની પ્રતિમાનું કરાશે સ્થાપન**

**ગોકુળિયા ગામની યાદ અપાવે તે રીતે ચમારડી ગામની સજાવટ કરવામાં આવી**

**ચમારડી ગામે રાજય અને દેશનાં સાધુ, સંતો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત રહેશે**








અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં ચમારડી ગામે આગામી ૪૮ કલાક બાદ દેશનાં પાંચ લાખ ગામડાઓમાં ન બની હોય તેવી ઐતિહાસિક ઘટના બનવા જઈ રહી છે. દેશભરનાં સાધુ, સંતો અને રાજકીય, સામાજિક આગેવાનો અને વિશાળ જનતા જનાર્દનની ઉપસ્થિતિ અને દેવાધિદેવ મહાદેવની નિશ્રામાં પાદરમાં દેશનાં વીર સપૂતોની યાદમાં અને ભાવિ પેઢીને પ્રેરણા મળી રહે તેવા ઉમદા હેતુથી પ્રકૃતિ અને દેશપ્રેમી અને સમાજ સેવી ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા સંચાલિત જી.પી. વસ્તરપરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહાનુભાવનોી પ્રતિમાનું સ્થાપન કરવાનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

દેવાધિદેવ મહાદેવની નિશ્રામાં ભારત માતા, દેશનાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, બંધારણનાં ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર, સ્વામી વિવેકાનંદ, વીર માંધાતાસિંહ, શ્રી કૃષ્ણકુમારસિંહજી, શહીદ ભગતસિંહ, આઝાદીનાં લડવૈયા સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ અને રાજયનાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવશે.

ગામનાં પાદરની કાયાપલટ કરવામાં આવી છે તો પીકઅપ સ્ટેન્ડ, ગાર્ડન, લાઈટીંગની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. ગોપાલભાઈ વસ્તરપરાની આગેવાનોમાં સમસ્ત ગામજનોએ માત્ર ૩૦ દિવસમાં ગામનાં પાદરની રોનક વધારી દીધી છે.

આગામી ૩૧ ઓકટોબર એટલે કે સરદાર પટેલનાં જન્મદિને લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં અલ્પાબેન પટેલ, સુખદેવભાઈ ધામેલીયા, દેવાયત ખવડ, લાલુ માલવિયા સહિતનાં કલાકારો પણ જમાવટ કરશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા અમરેલી જિલ્લા સહિત દેશભરમાં સરદાર પટેલની અગણિત પ્રતિમાનું સ્થાપન, ૧ હજાર ગરીબ પરિવારોની દિકરીનાં સમૂહલગ્ન, ધાર્મિક સ્થાનો, અન્નક્ષેત્ર, હોસ્પિટલ, પર્યાવરણ અને ગૌસેવા માટે તન, મન અને ધનથી સહકાર આપવામાં આવેલ છે.

અમારા ગામના ગોપાલભાઈ વસ્તરપરાએ ઘણાં બધાં પણ્યના કામ કરેલા છે. મેં ઘણાને બિરદાવ્યા છે. તો ઉમળકો આવતાં ગોપાલભાઈ વિષે લખાય જવા પામ્યું છે.

**દુહાઃ–**

(૧) ગોપાલ ગરવો સૌને, મરમી લાગ્યો મીઠો;
ગોકુળ ચમારડી ગામમાં, દાનવીર જબરો દીઠો...
(૨) સમહુ લગ્નમાં ચીવટ રાખી, સૌ ચમારડી ચાલો;
વરાવી દેશે વસ્તરપરો, ગોઠવી દેશે ગોપાલો...
(૩) તારીખ તેરમી વળી, માર્ચ સતર ની માન;
સમહુલગ્ન કરી સામટા, ગોપાલે ગજવ્યું ગામ...
(૪) અગાઉ વાળા એભલે, દિધાતાં તળાજે કન્યા દાન;
એમ સમહુ લગ્ન, કરી સામટા, ગોપાલે ઉર્જળ્યુ ગામ...
(૫) દાનનાં તે દિવા કર્યા, પુન્યનો રાખ્યો નૈ પાર;
તારી સવુાસ ફેલાણી ચૌદિશે, આશીષ મેળવી અપાર...
(૬) ભવયે લોકો ભુલશે નહીં, નરપત તારૂં નામ;
અવનીમાં અમર થઈ ગયો, ગોપાલથી ઉજળું ગામ...
(૭) કરણ જેવો કહું તને, રાજા બલી જેવો બળવાન;
દાન કરી ડંકો વગાડીયો, કર્મી પાકયો કુળવાન...
(૮) ચમારડીને સરમીં દે, તે ઉજળી કરી આમ;
મોંઘા મુલુ રતન છો, તારા રખવાળા કરશે રામ...
(૯) પીર કહું કે પૈગબંર કહું, કહું ઓલિયાનો અવતાર;
સતં કહું કે સેવક કહું, દીઠો જબ્બર દાતાર...
(૧૦) ઈર અઢળક તને, મોંઘોરી આપશે મતિ;
સારાએ સૌરાષ્ટમાં તે, ચમારડીને કરી છતી...

**ગીત ઘુબાકીયુ**

(૧) પ્રથમ ગવરી પત્રુને પાય લાગણ કરૂ, ભીરે રહજો શારદા મને ભારી;
કલમ લીધી મેં ગોપાલને વખાણવા, જેણે ચમારડી ઉજળી કરી સારી...
(૨) સમહુ લગ્નો કર્યા ગામમાં સામટા, લાખેણી લેખિ મ્રદ તારી મતિ; સારાએ સૌરાષ્ટ્રમાં આગવી સુજથી, ચમારડીને મલકમાં કરી છતી.
(૩) માઁ ખોડલના ધામમાં દાન જબરું કરી, ભામાશા જેવો તું થયો ભારી;
ગેટ જબરા ત્રણ બનાવ્યા ગામમાં, શોભા ચમારડીની ઘણી વધારી.
(૪) પુરૂષાર્થી હોય માતા–પિતા જેના, પુત્રો તેના વિવેકી દાતાર પાકે;
સદ રસ્તે લક્ષ્મી સદાય તેવાપરે, વકંડા દાનની દોઢય વાળ...
(૫) મષે–મકરના કર તુજ ઉપરે, જબર હેત કુંભ પર જણાણું
વૃષભને તુજ પર વ્હાલ ખબૂ ઉપજયું, ગોપાલથી ચમારડી ગામ ગણાણુ...
(૬) ઈરે ભલે તને ધન ઘણું આપિયુ, જે સદ રસ્તે વપરાય સારૂં,
અમારા ગામનો કોહીનુર હિરો છો, સદા ચમકતુંરહેત જે તારૂં...
(૭) પિતા પ્રાણજીને પુરૂષાર્થી જાણવા, કુખ ઉજળી કરી તે જનેતાની;
છાતી ગોપાલની છપ્પનની માનવી, પુણ્યમાં ભરે ને પાછી પાની...
(૮) આયુષ્ય પ્રભુ તને ઉજળુ આપશે, આશીષ ગોર બળદેવ આપુ, કરતો રહે કામ પુણ્યના ભારે ભલાં, મર્મી ગોપાલને બમણો વખાણું...

**અર્થો :–**

મેષ રાસી=ઈર, મકર રાસી =ખોડલ માઁ
કુંભ રાસી=ગોપાલ, વૃષભ રાસી=કવિ બળદેવ

**ગોપાલભાઈ વસ્તરપરાની બિરદાવળી**

ઓકટોબર ૨૦૨૪

**છંદ ભુજંગી**

(૧) માતા શારદા મતિ શુભ ખાપો, દુંદાળા ગણપતિ કષ્ટ કાપો,
ગતિ દેવ કલમને શુભ સ્થાપી, કાવ્ય રૂપી મધમધે બાગ આખો.
(૨) કાર્ય ગોપાલે જબરૂ ઉપાડયું, બસ સ્ટેન્ડ ચારેબાજુ સુધાર્યુ,
પાથર્યા બ્લોકને મુકાવા જાળી, બાંધી ફરતી સિમેન્ટ તણી પાળી.
(૩) માઁ ખોડલની તજુ પર મેર જાજી, વાપર્યા નાણા ન રાખી કશી ખામી,
વાવ્યા વિવિધ વૃક્ષોને કામ કીધું, ગામ ચમારડીને ગોકુળ બનાવ્યું.
(૪) મુકયા કેસરી સાવજ ડાલામથ્થા, જાણે નરસંગ રક્ષા કરવા પધાર્યા,
મુકી પ્રતિમાઓ દેશભકતો તણી, મોટી છત્રીઓ મુકીને શણગારી...
(૫) ધોરી વઢિયારા જોડીયા ગાડા સાથે, મુકયા બાકડા ચારે કોર સગાંથે,
મૂર્તિ ભોળાનાથની પ્રભાવ શાળી, નમી પાવન થાય છે નર નારી.
(૬) ગોપાલે સુધાર્યુ બસ સ્ટેન્ડ આખું, વળી રંગીન રોશનીથી શણગાર્યુ,
મળી અમરતા અળા પર જાણ સારૂ, યુગો સુધી નહીં જાય નામ તારું...
(અળા=પૃથ્વી)
(૭) ગુણવાળા ગોપાલે કિર્તિ વધારી, સતં લેરાનાથની થઈ કૃપા ભારી,
પિતા પ્રાગજીની તે શાન વધારી, કુખ માતા તણી તેખબૂ દિપાવી...
(૮) રંક છાત્રને વિદ્યાનુ દાન દેજે, ઉપકાર નહીં ભુલે : આશિષ લેજે,
ગરીબ કુમારીનું કન્યાદાન કરજે, ભાથું પરાભવનું પુણ્યથી ભરજે..
(૯) ગામ ચમારડીને તે ખૂબ સુધાર્યુ, નકો અભિમાન તને કદી આવ્યું,
વાપરી સપંતિ પુરો પ્રેમ આણી, નામના તારી ગામોગામ ફેલાણી...
(૧૦) ખુશામત નથી પ્રશંસા કરૂં છુ, ગણી દાતા તને આશીખ આપુ છું,
વિપ્ર બળદેવ : તને દોઢો વખાણુ, અમરતા આપે પ્રભુ એમ જાણુ....

**દુહા**

(૧)
કિંમત કવિતા તણી, આંકી નૈ ખંકાય;
ઉમળકો આવે અંતરમાં, તોજ પ્રગટ થાય પાગાણી ...
(૨)
અંગ ભરખાવી અળગાકરે, વિંછણ પેટ વયા,
એમ ગોપાલ ગરવા દયા, પ્રિતુ રાખજે પાગાઉત...

**લિ. બધાભાઈ જાંગેલ (માસ્તર)**
**ચમારડી**







### મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે મતદાન થશે

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે વધુ ૨૫ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી

## મુર્તિજાપુરથી હરીશ મારોતીઅપ્પા પિંપલે, કરંજથી સાઈ પ્રકાશ ડહાકે, ટીઓસાથી રાજેશ શ્રીરામ વાનખેડે અને મોરશીથી ઉમેશને મેદાનમાં ઉતાર્યા

મુંબઈ, તા.૨૮

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે આજે વધુ ૨૫ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. ભાજપે મુર્તિજાપુરથી હરીશ મારોતીઅપ્પા પિંપલે, કરંજથી સાઈ પ્રકાશ ડહાકે, ટીઓસાથી રાજેશ શ્રીરામ વાનખેડે અને મોરશીથી ઉમેશને મેદાનમાં ઉતાર્યા છે. આષ્ટી બેઠક ભાજપના ફાળે આવી છે. ભાજપે અહીંથી સુરેશ ધસને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. આ બેઠક પરથી અજિત પવાર જૂથના ધારાસભ્ય છે.જ્યારે, પાર્ટીએ આર્વી વિધાનસભા બેઠક પરથી સુમિત કિશોર વાનખડે, કાટોલથી ચરણ સિંહ બાબુલાલજી ઠાકુર, સાવનેરથી આશિષ રણજીત દેશમુખ, નાગપુર મધ્યથી પ્રવીણ પ્રભાકરાવ દટકે, નાગપુર પશ્ચિમથી સુધાકર વિઠ્ઠલરાવ કોહલેને ઉમેદવાર જાહેર કર્યા છે. ભાજપે અત્યાર સુધી ૧૪૬ બેઠકો પર ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે જાહેર કરેલી પ્રથમ યાદીમાં ૯૯ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવામાં આવ્યા હતા. આ પછી ૨૨ ઉમેદવારોની બીજી યાદી બહાર પાડવામાં આવી હતી અને હવે આજે વધુ ૨૫ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે.પ્રકાશ મહેતાને ઘાટકોપર બેઠક પરથી ટિકિટ મળી નથી. તેમની જગ્યાએ ભાજપે પરાગ શાહને ઉમેદવાર બનાવ્યા છે. ગત વખતે પણ પ્રકાશ મહેતાને ટિકિટ ન મળતાં શાહ અને મહેતાના સમર્થકો એકબીજા સાથે ઘર્ષણમાં ઉતર્યા હતા. તે જ સમયે બીજેપીએ સંજય ઉપાધ્યાયને બોરીવલીથી ટિકિટ આપી છે, જેને મુંબઈની સલામત બેઠક કહેવામાં આવે છે, આ સીટ પરથી સુનીલ રાણે ધારાસભ્ય હતા, તેમની ટિકિટ કાપવામાં આવી છે. તેમની પહેલા વિનોદ તાવડે બોરીવલીના ધારાસભ્ય હતા અને તેમની ટિકિટ રદ કરીને સુનીલ રાણેને આપવામાં આવી હતી.

ભાજપે નાંદેડ લોકસભા પેટાચૂંટણી માટે સંતુક મારોતરાવ હુંબરડેને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. નાંદેડ લોકસભા સીટ માટે ૨૦મી નવેમ્બરે પેટાચૂંટણી યોજાવાની છે. કોંગ્રેસના સાંસદ વસંતરાવ બળવંતરાવ ચવ્હાણના અવસાન બાદ આ બેઠક ખાલી પડી હતી. કોંગ્રેસે હવે આ બેઠક પરથી વસંતરાવ બળવંતરાવ ચવ્હાણના પુત્રને મેદાનમાં ઉતાર્યા છે.

### 3 ટેસ્ટ મેચોની સીરિઝની ત્રીજી મેચ મુંબઈમાં રમાશે

# ભારત અને ન્યૂઝીલેન્ડની વચ્ચે ત્રીજી ટેસ્ટ ૧ નવેમ્બરથી રમાશે

## કીવી ટીમ સીરિઝને પહેલા જ પોતાના નામે કરી ચૂકી છે, હવે ભારતીય ટીમની નજર વાઈટવોશથી બચવા પર છે

નવી દિલ્હી, તા.૨૮

ભારત અને ન્યૂઝીલેન્ડની વચ્ચે ૩ ટેસ્ટ મેચોની સીરિઝની ત્રીજી મેચ મુંબઈમાં ૧ નવેમ્બરથી રમાશે. કીવી ટીમ બેંગ્લુરુ અને પુણેમાં મેચ જીતીને સીરિઝને પહેલા જ પોતાના નામે કરી ચૂકી છે. હવે ભારતીય ટીમની નજર વાઈટવોશથી બચવા પર છે. ન્યૂઝીલેન્ડે ભારતની ૧૨ વર્ષની ઘરઆંગણાની ટેસ્ટ અજેયતાને તોડીને ઈતિહાસ રચ્યો છે. હવે તે રોહિત શર્માની ટીમનો વધુ એક રેકોર્ડ તોડવાનો પ્રયાસ કરશે. મુંબઈમાં રોહિત એન્ડ કંપનીનું સન્માન દાવ પર હશે.

ન્યૂઝીલેન્ડ ત્રણ યા વધુ ટેસ્ટ મેચોની સીરિઝમાં ભારતને વ્હાઈટવોશ કરનાર પહેલી ટીમ બની શકે છે. ભારતના ટેસ્ટ ઈતિહાસમાં અત્યાર સુધી આવું ક્યારેય થયું નથી. કોઈ પણ ટીમે તેણે ઘરેલૂ મેદાન પર વ્હાઈટવોશ કર્યું નથી. ન્યૂઝીલેન્ડની પાસે આવું કરવાનો મોકો છે. હવે જોવાનું છે કે ભારતીય ટીમ મુંબઈ ટેસ્ટમાં કેવી રીતે વાપસી કરે છે.

ભારત છેલ્લે ૨૦૦૦માં ઘરેલૂ મેદાન પર કોઈ સીરિઝમાં એક પણ ટેસ્ટ મેચ જીતી શકી નહોતી. સાઉથ આફ્રિકાએ બે મેચોની સીરિઝ ૨-૦થી જીતી હતી. તે સમયે સચિન તેંદુલકર ટીમના કેપ્ટન હતા. આ સીરિઝમાં ભારત ચાર ઈનિંગમાં ૨૫૦ રનનો આંકડો પણ પાર કરી શકી નહોતી. સાઉથ આફ્રિકાના કેપ્ટન તે સમયે હેંસી ક્રોનિએ હતા.

ત્રણ મેચોની ટેસ્ટ સીરિઝની વાત કરીએ તો છેલ્લા ભારત ૧૯૯૭માં શ્રીલંકા વિરુદ્ધ એક પણ મેચ જીતી શકી નહોતી. તે સમયે પણ સચિનન તેંદુલકર કેપ્ટન હતા અને શ્રીલંકાની કેપ્ટનશિપ અર્જૂન રનાતુંગા કરી રહ્યા હતા. રોહિત શર્મા અને તેમની ટીમ હવે એક ખરાબ રેકોર્ડ બનાવવાના કગાર પર છે. આ કારણથી તમામની નજર ભારતના અભિગમ પર હશે કારણ કે હવે ભારતની ઉૃઝ ફાઈનલમાં સ્થાન બનાવવાની સંભાવના પર દાવ પર લાગેલી છે. વાનખેડે સ્ટેડિયમની પીચ પર પણ ધ્યાન રહેશે કારણ કે પુણેમાં ભારતને સ્પિનની મદદગાર પીચ પર હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતને હવે લગભગ દરેક મેચ જીતવી પડશે જેથી ઉૃઝ ફાઈનલમાં સ્થાન બનાવી શકે.

### આજે બોલાવી એનડીએની બેઠક

# ફરી ભાજપથી નારાજ થયા નીતિશ કુમાર !

## તાજેતરમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ દ્વારા એનડીએની બેઠકો બોલાવાઇ હતી જેમાં નીતિશ ગેરહાજર રહ્યા હતા

નવી દિલ્હી, તા.૨૮

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે NDAની બેઠક બોલાવી છે. બિહારમાં ચાર બેઠકો પર પેટા ચૂંટણી વચ્ચે નીતિશ કુમાર આ બેઠક બોલાવીને ભાજપને પોતાની નારાજગીના સ્પષ્ટ સંકેતો આપવા જઈ રહ્યા છે. તાજેતરમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ દ્વારા NDAની બેઠકો બોલાવાઈ હતી જેમાં નીતિશ ગેરહાજર રહ્યા હતા. હવે ખુદ નીતિશે જ બેઠક બોલાવીને આશ્ચર્ય સર્જ્યું છે. એવા અહેવાલો છે કે નીતિશ કુમાર ભાજપને ભીંસમાં લઈ શકે છે. અરરિયાના ભાજપના સાંસદ પ્રદીપસિંહ દ્વારા અપાયેલા નિવેદનથી નીતિશ કુમાર નારાજ છે.

જ્યારે ભાજપના નેતા ગિરિરાજસિંહે હિન્દુ સ્વાભિમાન યાત્રાની જાહેરાત કરી છે જેનાથી પણ નીતિશ કુમાર અને તેમનો પક્ષ ખુશ નથી જણાતા કેમ કે જદ(યુ)ને ડર છે કે ભાજપના નેતાઓના ભડકાઉ નિવેદનોથી પક્ષને નુકસાન થઈ શકે છે. આ ઉપરાંત ઝારખંડ વિધાનસભાની ચૂંટણીમાં જદ(યુ)ને ભાજપે માત્ર બે જ બેઠકો આપી છે. જ્યારે નીતિશને 11 બેઠકોની આશા હતી. બેઠકોની જાહેરાત સમયે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જદ(યુ)ના ઝારખંડના પ્રદેશ અધ્યક્ષ ગેરહાજર રહ્યા હતા. આવા અનેક મુદ્દે નીતિશ કુમાર ભાજપથી નારાજ જોવા મળી રહ્યા છે. 28મીએ નીતિશ કુમારે NDAની બેઠક બોલાવી છે જે બાદ અલગ રૂમમાં જદ(યુ)ના નેતાઓ સાથે બેઠક યોજવામાં આવશે. નીતિશ કુમાર આ બેઠકમાં ભાજપના નેતાઓને વિવાદિત નિવેદનો આપતા અટકાવવાનો પ્રયાસ કરશે સાથે જ આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે તેના પર પણ ચર્ચા કરવામાં આવી શકે છે. નીતિશ કુમારે જ્યારે પણ બેઠક બોલાવી છે ત્યારે કોઈ મોટી જાહેરાત થતી જોવા મળી છે. આ બેઠકમાં પણ કઈક નવા જુની થવાની શકયતાઓ છે. નીતિશ કુમાર NDAમાં પોતાનુ કદ મોટુ હોવાનો અહેસાસ પણ ભાજપના નેતાઓને કરાવી શકે છે.

### ઝારખંડમાં ચૂંટણી પહેલા જ કોંગ્રેસને મોટો ઝટકો

# ઝારખંડના પૂર્વ કાર્યકારી અધ્યક્ષ માનસ સિન્હાએ કેસરિયો કર્યો ધારણ

## ઝારખંડના પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સિંહાને પાર્ટીની સદસ્યતા અપાવી : ઝારખંડમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે

રાંચી, તા.૨૮

ઝારખંડમાં ચૂંટણી પહેલા જ કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના પૂર્વ કાર્યકારી અધ્યક્ષ માનસ સિન્હા પાર્ટીમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાઈ ગયા છે. ભાજપના ઝારખંડના પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સિંહાને પાર્ટીની સદસ્યતા અપાવી છે.

કોંગ્રેસ તરફથી સિન્હાએ ભવનાથપુર વિધાનસભા બેઠક પર દાવો કર્યો હતો. પરંતુ કોંગ્રેસે તેમના પર ધ્યાન ન આપ્યું. તેના બદલે ઝારખંડ મુક્તિ મોરચાના ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. જેના કારણે ભવનાથપુરના કોંગ્રેસના કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં હવે માનસ સિન્હા ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયા છે. ભાજપમાં સમેલ થતાં પહેલા માનસ સિન્હાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રમુખને પત્ર લખીને પાર્ટીની સદસ્યતા છોડવાની માહિતી આપી હતી. માનસ સિન્હાએ પોતાના પત્રમાં લખ્યું છે કે, 'મેં મારા અમૂલ્ય ૨૭ વર્ષ પાર્ટીને આપ્યા છે. પાર્ટીએ મને જે જવાબદારી આપી તે મેં ઈમાનદારીથી નિભાવી છે. મેં દરેક વખતે સારું પરિણામ આપવાનો પ્રયાસ કર્યો અને મેં મારી જાતને સાબિત પણ કરી છે. પરંતુ મને લાગે છે કે, મારા કામની અહીં કોઈ કિંમત નથી. મારા કામનું મહત્વ નથી.' સિન્હાએ પત્રમાં આગળ લખ્યું કે, 'આ ચોથી વખત પાર્ટીએ મને અપમાનિત કર્યો છે. મને નીચો દેખાડ્યો છે. કોઈ પણ વસ્તુને સહન કરવાની એક મર્યાદા હોય છે. હવે એવું લાગે છે કે મારી સહનશીલતાની હદ પાર થઈ ગઈ છે.

અત્યાર સુધી હું માત્ર કોંગ્રેસ વિશે જ વિચારતો હતો, પરંતુ હવે સમય આવી ગયો છે કે, મારે મારા વિશે પણ વિચારવું જોઈએ. તેથી હું કોંગ્રેસ પાર્ટીની પ્રાથમિક સદસ્યતા અને તમામ હોદ્દા પરથી રાજીનામું આપું છું.'

તમને જણાવી દઈએ કે, ઝારખંડમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૧૩ નવેમ્બરના રોજ મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૨૦ નવેમ્બરના રોજ મતદાન થશે. ચૂંટણીના પરિણામ ૨૩ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવશે.

### નરેન્દ્ર મોદીએ ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન રતન ટાટાને યાદ કર્યા

# મોદી-સ્પેનના વડા પ્રધાને વડોદરામાં ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કર્યું

## C-295 મિલિટરી પ્લેન ટાટા એડવાન્સ સિસ્ટમ્સ (ASL)ની આ ઉત્પાદન સુવિધામાં બનાવવામાં આવશે : ઉત્પાદિત પ્લેન ભવિષ્યમાં નિકાસ કરાશે

વડોદરા, તા.૨૮

પ્રધાનમંત્રી મોદી અને સ્પેનના વડા પ્રધાને આજે વડોદરામાં ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. C-295 મિલિટરી પ્લેન ટાટા એડવાન્સ સિસ્ટમ્સ (TASL)ની આ ઉત્પાદન સુવિધામાં બનાવવામાં આવશે. આ પ્લાન્ટ લશ્કરી વિમાનો માટે ભારતની પ્રથમ ખાનગી ક્ષેત્રની ફાઈનલ એસેમ્બલી લાઈન (FAL) છે, જે દેશના સંરક્ષણ સ્વ-નિર્ભરતાની શોધમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આજનો દિવસ માત્ર ભારત માટે જ નહીં પરંતુ ટાટા ગ્રુપ માટે પણ ઐતિહાસિક દિવસ છે. તમને જણાવી દઈએ કે C-295 મિલિટરી પ્લેનના નિર્માણ માટે ૨૦૨૧માં ભારત અને સ્પેન વચ્ચે એક મોટો કરાર થયો હતો.

૨૦૨૧ માં, ભારતના સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુસેનાના જૂના થેલા Avro-748 એરક્રાફ્ટને બદલવા માટે 56 C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટની સપ્લાય માટે એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ, સ્પેન સાથે રૂ. ૨૧,૯૩૫ કરોડની ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા. આ કોન્ટ્રાક્ટ હેઠળ, સ્પેનથી ૧૬ એરક્રાફ્ટ સંપૂર્ણ રીતે એસેમ્બલ કરવામાં આવશે, જ્યારે બાકીના ૪૦ એરક્રાફ્ટ વડોદરાના TASL પ્લાન્ટમાં એસેમ્બલ કરવામાં આવશે. વડોદરામાં તૈયાર થનાર પ્રથમ C-295 એરક્રાફ્ટ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં તૈયાર થઈ જશે. TASL ખાતે ઉત્પાદિત તમામ એરક્રાફ્ટ ઓગસ્ટ ૨૦૩૧ સુધીમાં ડિલિવર થવાના છે.

આ ઐતિહાસિક અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટાટા ગ્રુપના પૂર્વ ચેરમેન રતન ટાટાને યાદ કર્યા. પીએમ મોદીએ કહ્યું કે જો આજે આ મોટા અવસર પર રતન ટાટા હાજર હોત તો તેઓ ખૂબ જ ખુશ હોત. તેમણે કહ્યું કે ટાટા-એરબસ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટથી ભારત-સ્પેનના સંબંધો મજબૂત થશે. PMએ કહ્યું કે વડોદરામાં ઉત્પાદિત પ્લેન ભવિષ્યમાં નિકાસ પણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે વડોદરામાં એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ અમારા 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર વર્લ્ડ' મિશનને પણ મજબૂત કરશે.

ઉદ્‌ઘાટન બાદ લોકોને સંબોધતા તેમણે કહ્યું કે થોડા સમય પહેલા દેશે પોતાના મહાન પુત્ર રતન ટાટાને ગુમાવ્યા છે. જો આજે રતન ટાટા આપણી વચ્ચે હોત તો તેઓ ખૂબ જ ખુશ હોત. આજે ભારત આ યોજના પર ઝડપે કામ કરી રહ્યું છે. યોજનાના આયોજન અને અમલમાં કોઈ વિલંબ થવો જોઈએ નહીં. અહીંથી બનેલા એરક્રાફ્ટ અન્ય દેશોને પણ આપવામાં આવશે. આ ખાસ અવસર પર વડા પ્રધાન પેડ્રો સાંચેઝે કહ્યું કે એરબસ અને ટાટા વચ્ચેની આ ભાગીદારી ભારતીય એરોસ્પેસ ઉદ્યોગની પ્રગતિમાં ફાળો આપશે અને અન્ય યુરોપિયન કંપનીઓના આગમન માટે નવા દરવાજા ખોલશે. આ પ્રોજેક્ટ બે વિશ્વના શ્રેષ્ઠને એકસાથે લાવે છે. સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે કહ્યું, "આજે અમે માત્ર એક અદ્યતન ઔદ્યોગિક સુવિધાનું જ ઉદ્ઘાટન નથી કરી રહ્યા. આજે આપણે એ પણ જોઈ રહ્યા છીએ કે બે પ્રતિષ્ઠિત કંપનીઓ વચ્ચે એક અસાધારણ પરિયોજના વાસ્તવિક બની જાય છે.

પીએમ મોદીની પ્રશંસા કરતા પેડ્રો સાંચેઝે જણાવ્યું હતું કે, તમારુ વિઝન ભારતને ઔદ્યોગિક શક્તિ અને રોકાણ અને વેપાર માટે આકર્ષણ બનાવે છે. તેમણે આગળ કહ્યું કે, ૧૦ વર્ષ પહેલાં જો ડિફેન્સ સેક્ટરે લઈ ઠોસ પગલાં ન લીધા હોત તો આજે આ અસંભવ હોત. વાઈબ્રન્ટ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીઝનું ભારતમાં વિકાસ થયો છે. ૧૦૦૦ નવા ડિફેન્સ સ્ટાર્ટઅપ ભારતમાં બન્યા છે. ૧૦ વર્ષમાં ભારતનું ડિફેન્સ એકસપોર્ટ ૩૦ ગણુ વધ્યુ છે. દુનિયાના ૧૦૦ દેશોને ડિફેન્સ સાધનો એકસપોર્ટ કરીએ છીએ. એરક્રાફ્ટ માટે માઈક્રો અને સ્મોલ ઉદ્યોગો પાર્ટ બનાવશે. મેડ ઈન ઈન્ડિયા સિવિલ એરક્રાફ્ટનો રસ્તો પણ બનાવશે. ભારતે ૧૨૦૦ નવા એરક્રાફ્ટનો ઓર્ડર અલગ અલગ દેશોને આપ્યા છે.

### કાફલો છોડીને બંને રાષ્ટ્ર પ્રમુખો એક દિવ્યાંગ બાળાને મળ્યા

# લક્ષ્મીવિલાસ પેલેસમાં મોદી અને સ્પેનના વડાપ્રધાન વચ્ચે થઇ મુલાકાત

## સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ અને મોદીએ દરબાર હોલમાં જ બંને વચ્ચે વ્યાપાર અંગે MOU થયા

વડોદરા, તા.૨૮

વડાપ્રધાન મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાન્ચેઝ આજે વડોદરાની મુલાકાતે છે. વડોદરાના ઐતિહાસિક લક્ષ્મીવિલાસ પેલેસમાં વડાપ્રધઆન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન વચ્ચે મહામુલાકાત થઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટાટા એરબસ એસેમ્બ્લી યુનિટનું લોકાર્પણ કર્યા બાદ સીધા લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે પહોંચ્યા હતા. ત્યાર બાદ લક્ષ્મીવિલાસ પેલેસના દરબાર હોલમાં બંને વચ્ચે મુલાકાત થઈ. સાથે જ બંને નેતાઓએ સાથે લંચ પણ કર્યુ. વડોદરાની મુલાકાતે આવેલા સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ અને PM મોદીએ દરબાર હોલની વિઝીટ લીધી. હોલમાં જ બંને દેશના વડાપ્રધાન વચ્ચે વ્યાપાર અંગે MOU થયા. દ્વિપક્ષીય બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યુ કે ભારત અને સ્પેન વચ્ચે અર્થતંત્ર, સંરક્ષણ, ફાર્મા, આઈટી, વિજ્ઞાન અને ટેક્નોલોજી જેવા ઘણા ક્ષેત્રોમાં સહયોગ છે અને અમે બંને વૈશ્વિક શાંતિ, સમૃદ્ધિ અને સહયોગ પર ભાર આપીએ છીએ.

બંને દેશના વડાપ્રધાનને આવકારવા માટે વહીવટી તંત્ર દ્વારા સમગ્ર શહેરને દુલ્હનની જેમ સજાવી દેવામાં આવ્યું છે. બંનેના સ્વાગતને લઈને સમગ્ર શહેર ભવ્યાતિભવ્ય રોશનીથી ઝળહળી ઉઠ્યું છે. જેથી બરોડીયન્સ માટે તો ૫ દિવસ પહેલાં દિવાળી હોય તેવો માહોલ જામ્યો છે. લક્ષ્મી વિલાસ પેલેસથી લઈને ટાટા એરક્રાફટના યુનિટ સ્થળ સુધીના માર્ગ તેમજ તમામ સર્કલોને અત્યાધુનિક ટેકનોલોજીવાળી ભવ્યાતિભવ્ય રંગબેરંગી રોશનીથી શણગારી દેવામાં આવ્યા છે.

મહત્વનું છે કે વડાપ્રધાન મોદી અને સ્પેનના PM પેડ્રો સાંચેઝે એરપોર્ટથી ખુલ્લી જીપમાં મેગા રોડ શો યોજ્યો. ટાટા એરબસની ફાઈનલ એસેમ્બલી લાઈનનું ઉદઘાટન કરવા માટે વડોદરા પધારેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે આ ભવ્ય રોડ-શો યોજ્યો. રોડ-શોમાં માનવ મહેરામણ ઉમટી પડેલુ જોવા મળ્યુ હતું.

### જિલ્લા વિદ્યાસભા સંચાલિત

# અમરેલીની મહિલા કોલેજની વિદ્યાર્થીની રાઈફલ શુટિંગમાં વિજેતા બનતા ખુશી

## આગામી દિવસોમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં જોડાશે



અમરેલી, તા. ૨૮

અમરેલી શહેરની એકમાત્ર ગ્રાન્ટેડ મહિલા કોલેજ અને છેલ્લા ૩૩ વર્ષથી શિક્ષણ, સંસ્કાર અને શ્રેષ્ઠતામાં વિશેષ પ્રદાન કરતી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં એસ.વાય. બી.એ.સેમ.૦૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થીજી સોલંકી સુહાના ગિરધરભાઈ (સરસાણા, તા. થાનગઢ જી. સુરેન્દ્રનગર) તા.૧૬/૧૦/૨૪ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ ખાતે યોજાયેલ ૧૦ મીટર એર રાઈફલ શુટીંગ સ્પર્ધામાં ૩ રેન્ક મેળવી વિજેતા બનેલ છે. આગામી દિવસોમાં પંજાબના ચંદિગઢ મુકામે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું વચી નેશનલ કક્ષાએ ભાગ લેવા જશે. વિદ્યાર્થીનીએ ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી સંસ્થાનું તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ વધારવા બદલ પી.ટી.આઈ. ડો. જે.વી.મકવાણા, વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખુંટ, વિદ્યાસભાના કેમ્પસ ડાયરેકટર વી.એલ.પેથાણી, ટ્રસ્ટીઓ, કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. બી. આર. ચુડાસમા તથા કોલેજની તમામ વિદ્યાર્થીનીઓ અને વાલીઓએ ખૂબ ખૂબ અભિનંદન અને આગામી સ્પર્ધા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ છે.

### હવે કર્મચારી ૨૦ વર્ષમાં જ લઈ શકશે રિટાયરમેન્ટ

# કેન્દ્રીય કર્મચારીઓની નિવૃત્તિ અંગેના નિયમોમાં સરકારે ફેરફાર કર્યો

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્ર સરકારે હવે કેન્દ્રીય કર્મચારીઓના રિટાયર્મેન્ટનો નિયમ બદલી દીધો છે. હવેથી કેન્દ્રીય કર્મચારીઓ ૨૦ વર્ષમાં જ રિટાયરમેન્ટ લઈ શકે છે. સાથે જ તેમને બધા જ લાભ સામાન્ય રિટાયર્મેન્ટની જેમ જ મળશે. જણાવી દઈએ કે, જાન્યુઆરી ૨૦૦૪માં નેશનલ પેંશન સ્કીમની શરૂઆત કેન્દ્રીય સરકારી કર્મચારીઓ માટે જ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯માં તેને રિવાઈઝ કરવામાં આવ્યું હતું અને હવે તે પ્રાઈવેટ કર્મચારીઓ માટે પણ ઉપલબ્ધ છે. ઉલ્લેખનીય છે કે નેશનલ પેંશન સ્કીમ એક સ્વૈચ્છિક પેંશન યોજના છે, જેનો હેતુ કર્મચારીઓ માટે રિટાયરમેન્ટ ફંડ બનાવવાનો છે. જેને સરકાર અને પેંશન ફંડ રેગ્યુલેટર અને ડેવલપમેન્ટ ઓથોરિટી ચલાવે છે.તાજહેતરમાં જ જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન્સ અનુસાર કેન્દ્રીય કર્મચારીઓ હવે નેશનલ પેંશન સ્કીમ અંતર્ગત વોલેન્ટરી રિટાયરમેન્ટ લઈ શકે છે. આ જાણકારી કર્મચારીઓના કલ્યાણ મંત્રાલય અંતર્ગત પેંશન અને પેંશનર્સના વિભાગે આપી છે. જે કર્મચારી કેન્દ્રીય સિવિલ સર્વિસીઝ ૨૦૨૧ના નિયમો અંતર્ગત નેશનલ પેંશન સ્કીમ માં સામલે થાય છે, તેમને આ સર્વિસ મળશે. આ નિયમ અંતર્ગત કેન્દ્રીય કર્મચારી ૨૦ વર્ષની સર્વિસ પૂરી કર્યા બાદ ગમે ત્યારે વોલેન્ટરી રિટાયરમેન્ટ લઈ શકે છે. જેનો અર્થ થાય કે જે પણ કર્મચારી સતત ૨૦ વર્ષ કામ કરે છે, તેઓ રિટાયર્મેન્ટનો ફાયદો ઉઠાવી શકે છે.ગાઈડલાઈન્સમાં કહેવામાં આવ્યું છે કે વોલન્ટરી રિટાયરમેન્ટ લેવા માંગતા કેન્દ્રીય કર્મચારીઓએ પોતાના એમ્પ્લોયરને ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલા લેખિત સૂચના આપવાની રહેશે. એમ્પ્લોયર આ એપ્લિકેશનને રિજેક્ટ નથી કરી શકતા. રિટાયરમેન્ટ ત્યારે જ લાગૂ થશે, જ્યારે ૩ મહિનાનો નોટિસ પિરિયડ સમાપ્ત થઈ જશે.

# સાવરકુંડલા : બાલા બહુચરાજી માતાજીના મંદિરની અનેરી શોભા



સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલાખાતેહાથસણી રોડ નાગનાથ સોસાયટી સ્થિત બાલા બહુચરાજી માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિર સ્વ. રેખાબેન પ્રવિણભાઈ પંડયાની અંતિમ ઈચ્છાના ફળસ્વરૂપ તેમના પરિવારજનો દ્વારા નિર્માણ કરી લોકાર્પણ કરેલ. આમ સ્વ. રેખાબેન પ્રવિણભાઈ પંડયા કે જેનો પરિવાર અહીં નાગનાથ સોસાયટીમાં જ રહે છે. તે પરિવાર દ્વારા સ્વ. રેખાબેન પ્રવિણભાઈ પંડયાની બહુચરાજી માતાજી પ્રત્યે અનન્ય આસ્થા અને ભક્તિના ફળ સ્વરૂપ તેમના પરિવાર જનો દ્વારા આ મંદિરનું નિર્માણ થયેલ. ૨૦૧૭ની સાલમાં નિર્માણ થયેલ આ બાળા બહુચરાજી મંદિર ખાતે પંડયા પરિવારના સભ્યો નિયમિત રીતે માતાજીનું પૂજન અર્ચન કરતાં જોવા મળે છે. આમ એક વ્યક્તિની અંતિમ ઈચ્છા પણ મંદિર નિર્માણનું માધ્યમ બની શકે છે. અહીં શ્રદ્ધા તથા આસ્થા સાથે માતાજીના દર્શનાર્થે આવતા ભકતગણોની બહુચરા માતાજી તેમની મનોકામના પૂર્ણ કરે છે. વળી આ મંદિર ઓમકારેશ્વર મહાદેવ શિવમંદિરની લગોલગ હોય મહાદેવ ભોળાનાથના પણ દર્શન કરીને ધન્યતા અનુભવી શકાય છે.

### ૨૪૬ શેલ કંપની કરી ઊભી હતી

# ૮૦૦૦ કરોડના GST કૌભાંડનો માસ્ટરમાઇન્ડ સુરતથી ઝડપાયો

## એક ઓટો ડ્રાઈવરના નામે નોંધાયેલી બંનાવટી કંપનીની તપાસનો રેલો મુંબઈ, રાજકોટ અને ભાવનગર પણ પહોંચ્યો છે

સુરત, તા.૨૮

પુણેમાં જીએસટી વિભાગની તપાસમાં ૨૪૬ શેલ કંપનીઓ ઊભી કરી ખોટી રીતે ઈનપૂટ ટેક્સ ક્રેડિટ લેવાનું ૮૦૦૦ કરોડ રૂપિયાનું જીએસટી કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. એક ઓટો ડ્રાઈવરના નામે નોંધાયેલી બંનાવટી કંપનીની તપાસનો રેલો મુંબઈ, રાજકોટ અને ભાવનગર પણ પહોંચ્યો છે. તેના માસ્ટર માઈન્ડ તરીકે સુરતમાં રહેતા અશરફ ઈબ્રાહિમ કાલાવડિયાની અગાઉ જ ધરપકડ થઈ ચૂકી છે. હવે આ કૌભાંડમાં ડ્ઢય્ ઈન્ટેલિજન્સની ટીમે ઔપચારિક ફરિયાદ દાખલ કરી છે.સુરતમાં રહેતા અશરફ ઈબ્રાહિમ કાલાવડિયાએ ૨૪૬ બનાવટી કંપનીઓ ખોલી અન્ય આરોપીઓ સાથે મળી અધધધ ૮ હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યુ હતું. આ બાબતે ડીજીજીઆઈ પૂણે ઝોનલ યુનિટના અધિકારી રુષિ પ્રકાશે પૂણેના કોરેગાવ પાર્ક પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે એફઆઈઆર નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ સમગ્ર કૌભાંડના મુખ્ય આરોપી અશરફભાઈ કાલાવડિયા સહિત પોલીસે નીતિન બારગે, ફૈઝલ મેવાલાલ, નિઝામુદીન ખાન, અમિત તેજબહાદુર સિંહા, રાહુલ બારૈયા, કૌશિક મકવાણા, જીતેન્દ્ર ગોહેલ અને અન્યો સામે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૫,૪૬૭, ૪૭૧,૧૨૦ (બી) ૩૪ અને આઈટી એકટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.આ બાબતે નોંધાયેલ એફઆઈઆર અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩માં ડીજીજીઆઈની ટીમને પૂણે-સોલાપુર હાઈવે પર ગિરણી-શેવાળવાડી સ્થિત પઠાણ એન્ટરપ્રાઈઝીસ નામની કંપનીના અમૂક શંકાસ્પદ ટ્રાન્ઝેકશન મળી આવ્યા હતા. આ બાબતની તપાસમાં ડીજીજીઆઈના અધિકારીઓને જાણવા મળ્યું હતું કે, આ પ્રકારની કોઈ કંપની ઉપર જણાવેલ સ્થળ પર અથવા અન્ય કોઈ સ્થળે અસ્તિત્વમાં જ નથી.આ બાબતે વધુ તપાસ કરતા એવું બહાર આવ્યું હતું કે આ પ્રકારની એક કંપની ગુજરાતના ભાવનગરમાં પઠાણ શબ્બીરખાન અનવર ખાનના નામે નોંધાયેલી છે જ્યારે ડીજીજીઆઈની ટીમે આ બાબતે વધુ તપાસ કરી ત્યારે ખાન પણ ઓટોરિક્ષા ચાલક હોવાનું બહાર આવ્યું હતું. ખાનની આ બાબતે વધુ પૂછપરછ કરતાં તેને ખૂબ જ આશ્ચર્ય થયું હતું અને તેણે તેના નામે આવી કોઈ કંપની રજિસ્ટર ન હોવાનું જણાવ્યું હતું અને આ બાબતે સંપૂર્ણ અજ્ઞાનતા દર્શાવી હતી.આ વાતથી ચોંકી ઉઠેલા ડીજીજીઆઈના અધિકારીઓએ પઠાણ એન્ટરપ્રાઈઝીસ સહિત આ તમામ બનાવટી કંપનીઓ રજિસ્ટર કરવા વપરાયેલ એક વિશિષ્ટ મોબાઈલ નંબર અને ઈ-મેલ એડ્રેસની ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન તપાસ કર્તા ટીમના સ્કેનર રાજકોટમાં આઈસીઆઈસીઆઈ બેન્કમાં ખાતુ ધરાવતી જીત કુકડિયા નામની વ્યક્તિ આવી ગઈ હતી. જો કે અહીં વધુ તપાસ કરતા કુકડિયા ખાનગી સિક્યોરિટી ગાર્ડ તરીકે કામ કરતો હોવાનું સ્પષ્ટ થયું હતું. પણ કુકડિયાએ આરોપી કૌશિક મકવાણા અને જીતેન્દ્ર ગોહેલ માટે ખાતુ ખોલી આપ્યું હોવાનું સ્પષ્ટ થયું હતું.

# અમરેલી જિલ્લાના લાઠીની ધરતી પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા

# સૌરાષ્ટ્રને દિવાળીનાં પર્વ પૂર્વે રૂા.૪૮૦૦ કરોડનાં વિકાસ કાર્યોની ભેટ

**મંગળ કાર્યોનાં સમયે સંસ્કૃતિ ઉત્સવ સાથે વિકાસનો ઉત્સવ આ ભારતની નવી તાસીર છે**

**નવા વિકાસ પ્રોજેટરથી પ્રવાસન અને લઘુઉદ્યોગમાં રોજગારનાં અવસરો મળશે**

**રાજકોટ, મોરબી, જામનગરનો ત્રિકોણ મીની જાપાન બનવા તરફ આગળ ધપે છે**

**રાજયપાલ, મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી, રાજયના મંત્રીઓ, સાસંદો અને ધારાસભ્યો પણ ઉપસ્થિત રહ્યાં**




અમરેલી, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમરેલી ખાતેથી ધનતેરસની પૂર્વસંધ્યાએ રૂપિયા ૪૮૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતા જણાવ્યું હતું કે, નવા વિકાસ પ્રોજેકટ સૌરાષ્ટ્રના જીવનને આસાન બનાવશે અને વિકાસને નવી ગતિ આપશે.

પરમેરની પ્રસાદી સમાન પાણી માટે પુરૂષાર્થ કરનારા ગુજરાતના સામર્થ્યને પ્રેરણા રૂપ બતાવી વડાપ્રધાનએ સ્પષ્ટ કહ્યું કે, ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમના મંત્ર સાથે ગુજરાત સરકારના જન ભાગદારીના આયામોથી ખેડૂતો સમૃદ્ધ થવાની સાથે પ્રવાસન વિકાસ અને રોજગારીનું પણ સર્જન થશે.

વડાપ્રધાનએ અમરેલી જીલ્લાના લાઠી નજીક દુધાળા ગામે ગાગડીઓ નદીને પુનઃજીવીત તથા તળ ાવોનું નિર્માણ કરીને સરકારના જનભાગીદારી અભિગમની સાથે રહીને જળસંચય માટે કાર્યો કરનાર ધોળકિયા ફાઉન્ડેશનની કામગીરીની નોંધ લીધી હતી.

વડાપ્રધાને આ સંદર્ભમાં ગુજરાતના પાણી માટેના પુરૂષાર્થને યાદ કરીને જણાવ્યું હતું કે, ગુજરાતે ભૂતકાળ માં પાણી માટે સંઘર્ષ કર્યો છે, પણ આજે નર્મદા માતા ગુજરાતની પરિક્રમા કરીને ગુજરાતને સમૃદ્ધ કરી રહી છે. આ સાથે પુણ્ય અને પાણી વહેંચી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌની યોજનાના સંદર્ભમાં કહ્યું કે, ત્યારે કોઈ માનવા તૈયાર ન હતું કે આ રીતે સૌરાષ્ટ્રના ડેમો નર્મદાના પાણીથી ભરાશે. આજે આ યોજના સાકાર થઈ છે અને પ્રદેશ લીલોછમ બન્યો છે, ત્યારે પવિત્ર ભાવથી કરેલો સંકલ્પ સિદ્ધ થાય છે તેનો આનંદ મળે છે.

વડાપ્રધાને આ તકે વરસાદના પાણીનો સંગ્રહ કરવા અને નદી ઉપર નાના—નાના તળાવો બનાવીને પાણીનો સંગ્રહ કરીને વન ડ્રોપ, મોર ક્રોપનો આપણો સંકલ્પ સિદ્ધ કરવા પણ આહવાન કર્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મોદીએ ગુજરાતના વિકાસમાં અને આગવી ઓળખમાં અમરેલી જિલ્લાના સામાજિક દાયિત્વ અને સેવાના સંદર્ભમાં યોગીજી મહારાજની માંડીને ભોજા ભગત, દુલાભાયા કાગ, કવિ કલાપી, કે.લાલ, રમેશ પારેખ, સહિતના મહાનુભાવને યાદ કરીને પદ્મ સવજીભાઈ ધોળકિયા અને ગોવિંદભાઈ ધોળકિયા સહિત અમરેલી જિલ્લાના રત્નોની સામાજિક સેવાને પ્રેરણાદાયી ગણાવી હતી.

રાજયમાં પ્રાકૃતિક કૃષિને વેગ આપવા ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી મિશનમોડમાં કામ કરી રહ્યાં છે. પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે અમરેલી પ્રગતિશીલ છે, એમ જણાવતાં વડાપ્રધાનએ કહ્યું હતું કે, ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિની અલગ યુનિવર્સિટી હાલોલમાં શરૂ થઈ છે અને તેની સાથે જોડાયેલી પ્રાકૃતિક કૃષિની પ્રથમ કોલેજ અમરેલીને મળી છે. અમરેલીની સહકાર ક્રાંતિનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૭માં અમર ડેરીની શરૂઆત વખતે ૨૫ ગામોમાં સહકારી સમિતિ હતી. આજે ૭૦૦થી વધુ ગામોની સહકારી સમિતિ ડેરી સાથે જોડાયેલી છે અને દરરોજ સવા લાખ લિટર દૂધ ભરાય છે.

ેત તથા હરિત ક્રાંતિ સાથે આપણે સ્વીટ રિવોલ્યૂશન શરૂ કર્યુ હતું. ખેતરોમાં મધ ઉત્પાદન માટેના પ્રોજેકટ થકી આજે અમરેલી જિલ્લાના ખેડૂતો ખેતરમાં મધમાખી પાલન કરીને મધ ઉત્પાદન કરીને વધારાની આવક મેળવી રહ્યાં છે. આ સાથે જ અમરેલીના મધની આગવી ઓળખ ઊભી થઈ છે.

પર્યાવરણના ક્ષેત્રે મોટાકામો અનિવાર્ય ગણાવતાં તેમણે કહ્યું હતું કે, "એક પેડ માઁ કે નામ" અભિયાનનો ઉલ્લેખ કરીએ ત્યારે વિના લોકોની આંખોમાં એક ચમક આવી જાય છે. પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજના થકી સામાન્ય પરિવારો વર્ષે વીજબીલના રૂ.૨૫—૩૦ હજાર બચાવી શકે અને વીજળી વેચીને કમાણી પણ કરી શકે તેવું મોટું અભિયાન આપણે ઉપાડયું છે, એમ જણાવતા વડાપ્રધાનએ કહ્યું હતું કે, આ યોજના માટે દેશભરમાં દોઢ કરોડ લોકોએ નોંધણી કરાવી છે. જયારે ગુજરાતમાં બે લાખથી વધુ ઘરમાં સોલર પેનલ લાગી પણ ગઈ છે.

ઊર્જાક્ષેત્રે અમરેલી અવ્વલ હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ દૂધાળા ગામને સોલાર ગામ બનાવવા માટેનું અભિયાન શરૂ કર્યુ છે. જેનાથી ગામલોકોના વીજબીલના નાણાં બચશે. દૂધાળા હવે દેશનું પ્રથમ સોલાર વિલેજ બનવા જઈ રહ્યું છે.

પાણી અને પ્રવાસનનો સીધો સંબંધ છે. આ વાતનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનએ કહ્યું હતું કે, અમરેલી જળ સમૃદ્ધ થઈ રહ્યું છે, ત્યારે યાયાવર પક્ષીઓને અહીં નવું સરનામું મળશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આપણે સરદાર સરોવર બનાવ્યા પછી સરદાર વલ્લભભાઈ પટેલનું સૌથી ઊંચું સ્ટેચ્યૂ મૂકીને આ સ્થળની મૂલ્યવૃદ્ધિ કરી છે. ગત વર્ષે ૫૦ લાખ લોકોએ સરદારના દર્શન કર્યા છે.

પોરબંદર જિલ્લાના મોકરસાગર ખાતે કર્લી રિચાર્જ સરોવરને વિસ્તરીય સસ્ટેનેબલ ઈકોટૂરિઝમ તરીકે વિકસાવવામાં આવશે. તેનાથી ઈકોટૂરિઝમને વેગ મળશે તથા ત્યાં એડવેન્ચર ટૂરિઝમની પણ અપાર સંભાવનાઓ છે. અહીં બર્ડ સેન્ચ્યુરી પણ ઊભી થશે.

બ્લૂ રિવોલ્યૂશનને વેગ આપવા સાથે આપણે પોર્ટ લેડ ડેવલપમેન્ટને વેગ આપી રહ્યાં છીએ. ભૂતકાળમાં જે દરિયાકિનારો ખારોપાટ ગણાતો, તેને સમૃદ્ધિના દ્વાર બનાવવા પ્રાથમિકતા આપીને કામ કરી રહ્યાં છીએ. આપણા ગુજરાતના બંદરોને દેશના અન્ય બંદરો સાથે જોડી રહ્યાં છીએ, ઉપરાંત ભારતના ઐતિહાસિક બંદરને દુનિયાના પ્રવાસનના નકશા પર મૂકવા, લોથલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેકસ – વિ કક્ષાનું મ્યૂઝિયમ બનાવાઈ રહ્યું છે. જાફરાબાદ તથા શિયાળબેટ વિસ્તારમાં સારામાં સારી માળખાકીય સુવિધા વિકસાવવામાં આવી રહી છે.

ઘોઘા રો—રો ફેરી સર્વિસનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, તેના થકી સાત લાખ લોકોએ મુસાફરી કરી છે. પંચોતેર હજારથી વધુ ટ્રકો, એક લાખથી વધુ વાહનોનું પરિવહન થયું છે. જેના કારણે નાણાં, કલાકોની બચત થઈ છે. તેમજ પર્યાવરણને પણ ફાયદો થયો છે.

જામનગર, મોરબી તથા રાજકોટ એક એવો ત્રિકોણ છે. જેનામાં મેન્યુફેકચરિંગ હબ બનવાની ક્ષમતા છે. આ ત્રિકોણ આજે મીની જાપાન થવાની તાકાત ધરાવે છે.

એરોસ્પેસ એન્જિનિયરિંગ ક્ષેત્રે સ્પેન ભારતમાં મોટું રોકાણ કરી રહ્યું છે, ત્યારે તેનાથી ગુજરાત તથા રાજકોટના ઉદ્યોગોને મોટો લાભ થશે. સૌરાષ્ટ્રના લઘુઉદ્યોગોની તો પાંચેય આંગળીઓ ઘીમાં છે. તેમણે કહ્યું હતું કે, ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ અને વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત એ જ આપણો સંકલ્પ છે. આજે દુનિયામાં ભારતનું ગૌરવ વધાર્યુ છે. દુનિયાના લોકોને ભારતના લોકોની ક્ષમતાનો પરિચય થવા લાગ્યો છે. જેમાં ગુજરાતની ભૂમિકા ખૂબ મહત્વની છે. દેશના શહેરો અને ગામડાઓમાં કેટલું સામર્થ્ય છે, તે ગુજરાતે બતાવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતે પર્યાવરણ થી પ્રવાસન અને જળ થી જનશક્તિના સમૂચિત સમન્વયથી અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. જેના મૂળમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી અને દેશના વિકાસ માટેની ઝંખના છે.

મુખ્યમંત્રીએ દિવાળીના પાવન દિવસોમાં સૌરાષ્ટ્રની જનતાને રૂ.૪૮૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ આપવા માટે આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે, એક સમયે અભાવોનો સામનો કરતું ગુજરાત રાજય આજે વડાપ્રધાનના દ્રષ્ટિવંત નેતૃત્વમાં પૂરપાટ ઝડપે વિકાસ પથ પર આગળ વધી રહ્યું છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, ૧૯૬૦થી શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રા અને અત્યારની ગુજરાતની વિકાસયાત્રાની તુલના કરીએ તો સ્પષ્ટપણે જણાઈ આવે કે, એક સુરેખ અને દ્રષ્ટિવંત નેતૃત્વથી કેવું પરિવર્તન આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ પરિવર્તન લાવવા માટે કરેલો પરિશ્રમ આજે રંગ લાવી રહ્યો છે.

ભૂકંપ, વીજળીની અછત જેવા અનેક પડકારો સામે ઝઝૂમી રહેલા ખેડૂતો ખેતી માટે વરસાદ પર આધારિત હતાં. ખેડૂતોએ વારંવાર દુકાળનો સામનો કરવો પડતો હતો ત્યારે વડાપ્રધાનએ જયોતિગ્રામ યોજના દ્વારા થ્રી—ફેઝ વિજળ ી ગુજરાતના ગામે—ગામ પહોંચાડીને ગુજરાતના અંધારા ઉલેચીને અજવાળા પાથર્યા છે. ખેડૂતોના પાકને વરસાદના અભાવે નિષ્ફળ જતા બચાવ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતે સૌર ઊર્જાના લાભ અને ભવિષ્ય પારખીને વડાપ્રધાનના દૂરંદેશી ભર્યા નેતૃત્વ હેઠળ ચારણકા ખાતે સોલારપાર્કની સ્થાપના કરી છે. કચ્છ ખાતે હાઈબ્રીડ સોલાર પાર્ક સ્થાપિત થઈ રહ્યો છે. સૂર્યઘર યોજનાનો લાભ આજે કરોડો લોકોના ઘર સુધી પહોંચ્યો છે. આ બધાની પાછળ વડાપ્રધાનનું વિઝન છે.

વડાપ્રધાનએ જળ વ્યવસ્થાપન ક્ષેત્રે આપેલા માર્ગદર્શન થકી થયેલા પરિવર્તન વિશે વિગતવાર વાત કરતાં તેમણે જણાવ્યું કે વરસાદી પાણીના ટીપે—ટીપાનો ઉપયોગ કરતાં વરસાદી પાણીને જમીનમાં ઉતારવા વડાપ્રધાનએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે બોરીબંધ, ખેત તલાવડી, સૌની યોજના, સુજલામ—સુફલામ જેવા અભિયાનો જનભાગીદારીથી કાર્યાન્વિત કર્યા હતાં. જેના કારણે આજે ગુજરાતના ખેતરો હરિયાળીથી લહેરાઈ રહ્યાં છે. કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થકાર્ડ સહિતની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને કૃષિ કલ્યાણના અભિગમના કારણે આજે ગુજરાતમાં ૧૦૫ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થઈ રહ્યું છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, વિમાં જળવાયુ પરિવર્તનની અસરોની ગંભીરતા પારખીને તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાનએ એશિયામાં સૌ પ્રથમવાર જળવાયુ પરિવર્તનનો અલાયદો વિભાગ સ્થાપિત કર્યો હતો.

ઈ—ગ્રામ, વિગ્રામ દ્વારા ઉત્તમ ઈ—સેવા સુવિધાઓનું માળખું સર્જવાનું કાર્ય વડાપ્રધાનએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે કર્યુ હતું. ટેકનોલોજીના વિનિયોગ દ્વારા જનફરિયાદ નિવારણની 'સ્વાગત' પહેલ પણ તેમણે જ આપેલી એક ભેટ છે.

રોડ—નેટવર્ક, માળખાગત સુવિધા, ઈન્ટરનેટ કનેકિટવિટી દ્વારા પારદર્શક સુશાસનનું રોલમોડલ ગુજરાતે રજૂ કર્યુ છે. આમ સમગ્રતયા જળસિંચન, બિન પરંપરાગત ઉર્જાસ્ત્રોતો દ્વારા વીજઉત્પાદન થકી વડાપ્રધાનના નેતૃત્વમાં ગુજરાત આવા અનેક વિકાસકાર્યો થકી વિકસિત ભારતના નિર્માણમાં પોતાનો સહયોગ આપશે એવો વિાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ આ તકે જણાવ્યું કે, ગુજરાતે જળસંચય અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે આગવો રાહ કંડાર્યો છે. જળસંચય ક્ષેત્રે ગુજરાતને તાજેતરમાં જ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. રાજય સરકાર દ્વારા કૃષિ સિંચાઈ માટે નર્મદાના પૂરના દરિયામાં વહી જતાં વધારાના જળને સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રમાં અવતરણ કરાવ્યું છે. જેને કારણે સૌરાષ્ટ્રની ધરા નવપલ્લવિત થઈ છે.

રાજય સરકારે જળસંચય ક્ષેત્રે લાઠી અને લીલીયા તાલુકામાં જળ સંગ્રહની કામગીરી આગળ વધારવા માટે પીપીપી મોડ હેઠળ ગાગડિયો નદીને સાફ કરવા માટે રૂ.૨૦ કરોડની ગ્રાન્ટની પણ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

નાવડા—ચાવંડ પાઈપલાઈન દ્વારા રાજકોટ અને ભાવનગરના નર્મદાના અને મહીના પાણી ઉપલબ્ધ બન્યાં છે. સૌરાષ્ટ્રની તરસી ધરા આ પાણીથી તૃપ્ત થઈ છે. પશુપાલકોની હિજરત પણ આ પાણીના કારણે અટકી છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

જળસંચયના પવિત્ર સંકલ્પ અને ઉદ્યમ થકી આ પ્રદેશને નવપલ્લવિત કરનાર સવજીભાઈ ધોળકિયાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આજે દુધાળા—લાઠીની ધરતી પર સોનાનો સૂરજ ઉગ્યો છે. વડાપ્રધાનએ થોડા વર્ષો પહેલા "હરિકૃષ્ણ સરોવર"નું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યુ હતું અને આજે ત્યાં ભારતમાતા સરોવર નિર્માણ પામ્યું છે. જિલ્લામાં ત્યારથી લઈને અત્યાર સુધી ૧૫૫ સરોવરનું નિર્માણ થયું છે. જળ સંચય અને પ્રાકૃતિક ખેતી દ્વારા ગુજરાત વિકાસના પંથે ઝડપભેર પ્રગતિ કરી રહ્યું છે.

આ અવસરે રાજયપાલ આચાર્ય દેવવ્રત, કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા, વન અને પર્યાવરણ રાજય મંત્રી મુકેશભાઈ પટેલ, સાંસદ સર્વ પરસોત્તમભાઈ રૂપાલા, ભરતભાઈ સુતરિયા, રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા, રામભાઈ મોકરિયા, પૂનમબહેન માડમ, કેસરીદેવસિંહ ઝાલા, કચ્છ—મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, જુનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ઈફકોના ચેરમેન દિલિપભાઈ સંઘાણી, ધારાસભ્ય સર્વ જે.વી.કાકડિયા, કૌશિક વેકરિયા, જનકભાઈ તળાવિયા, મહેશભાઈ કસવાલા, હિરાભાઈ સોલંકી, ડો.દર્શિતાબહેન શાહ તેમજ બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખઓ, મહાનુભાવો, પદાધિકારીઓ—અધિકારીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ૨૨ વર્ષથી બિનરાજકીય નાતો જાળવી રાખતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંજય ગોંડલીયા (એમ્બી બાપુ)







આજે ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અમરેલી જીલ્લાની શુભેચ્છા મુલાકાતે પધાર્યા ત્યારે.. એમણે એમની સાથે છેલ્લા બાવીસ બાવીસ વર્ષથી બિનરાજકીય અને બિન સ્વાર્થી સંબંધોથી જોડાયેલા અમરેલીમાંએમ્બીબાપુતરીકેજાણીતા નવયુવાનસંજયબાપુનેફરીએકવખત દૂધાળા ખાતેના હેલિપેડ પર અંગત મુલાકાત માટે આમંત્રિત કરી એમની સામાજીક સંબંધોની એમની બિનરાજકીય ભૂમિકા ને ઉજાગર કરી છે. આવા સમયે સંજય બાપુ સાથેના મોદીના સમગ્ર અમરેલી માટે ગૌરવપ્રદ એવાસંસ્મરણોનેવાગોળવાસહુનેગમશે. આજેખાસનરેન્દ્રનેઅંગતરીતેમળવાનો સંજય બાપુ નો આ કંઈ પહેલો પ્રસંગ નથી. પરંતુઆ સિલસિલો તોછેક૨૦૦૨ થીચાલ્યોઆવે છે.. મોદીસી.એમહોય કે પછીપી.એમ.એ અમરેલીના આંગણે પધારે એ પહેલાં એમના કાર્યાલયમાંથી સંજયબાપુનેટેલિફોનીકમેસેજઆવીજ ગયોહોયકેનરેન્દ્રમોદીઆપનેયાદકરે છે ને આપે સાહેબને મળવાનું છે.કોઈ નવલકથાના પ્લોટ સમી આ વાતના બે વ્યક્તિ પૈકી એક સંજય બાપુ ને તો અમરેલીમાં બધાજ ઓળખે.. એમ્બી બાપુના નામે.. સનફલાવર પ્રિ સ્કુલના નામે.. કે એક આઈ.ટી કન્સલ્ટન્ટના નાતે.. એકદમ સહજ અને સરળ સ્વભાવના આ બાપુ ને રાજકારણ સાથે કે કોઈ પક્ષ સાથે કોઈ સંબંધ નથી. બાપુની નામના છે એમની મેનેજમેન્ટ સ્કીલ માટે, એમની આઈ.ટી ક્ષેત્રની ઉપલબ્ધિઓમાટેઅનેએમનીવ્યાપારીક કુનેહ માટે કન્સ્ટ્રક્શન તેમજ અનેક વ્યાપારીક ક્ષેત્રો સાથે સંકળાયેલા આ સંજય બાપુની મુલાકાત થાય છે બીજા તત્કાલીન ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ૨૦૦૨માં સોશિયલ મિડીયા અને બ્લોગનીદુનિયાનીહજીતોશરૂઆતહતી એસમયેપોતાનીઆઈ.ટીક્ષેત્રનીકુશળ તાથી મોદીની હિરાપારખુ નજરમાં અમરેલીનોએકનવયુવાનવસીગયોઅને બનીગયો ટીમ મોદીનો અભિન્ન હિસ્સેદાર ૨૦૦૨માં નરેન્દ્ર મોદી સાથે સંજયબાપુની પહેલી મુલાકાત એવો તો રંગ લાવી કે આ નિસ્વાર્થ સંબંધો પારીવારીકસંબંધોબનીગયા.૨૦૦૬માં નરેન્દ્ર મોદી અમરેલી પધાર્યા અને જાહેરસભા પૂર્ણ કરી સ્ટેજ પરથી નીચે ઉતરી મળ્યા સંજયબાપુ ને અને એમની ઓળખાણ કરાવી ભાજપના દિગ્ગજો પરસોતમભાઈ રૂપાલા અને દિલીપભાઈ સંઘાણી સાથે. ૨૦૧૨ માં ફરી નરેન્દ્ર મોદી અમરેલી પધાર્યા અને સંજયબાપુનેમળવાનિમંત્રણઆપ્યુંઅને અમરેલીનાધારાસભ્યોઅનેસંસદસભ્ય સાથે મુલાકાત કરાવી અને અંગત ઓળ ખાણ આપી અંગત સંબંધોની સુવાસ પ્રસરાવી. ત્યારબાદ તો નરેન્દ્ર મોદીનું કાર્યક્ષેત્ર બદલાઈ ગયુંગાંધીનગર છોડી દિલ્હીનું સામ્રાજય સંભાળ્યું ઘણુંબધું બદલાઈ ગયું પરંતુ ન બદલાયા નરેન્દ્ર મોદી કે ન બદલાયા સંજયબાપુ સાથેના એમના અંગત સંબંધો. ૨૦૧૭માં ફરી માર્કેટીંગયાર્ડમાં ઉદ્દ્ઘાટનપ્રસંગે નરેન્દ્ર મોદી અમરેલીના આંગણે પધાર્યા અને ફરી એજ ઘટનાક્રમ ૨૦૧૭માં અમરેલીના એરપોર્ટ પર સંજયબાપુને મળવા બોલાવી લીધા અને એરપોર્ટ પર હતા ફક ત્રણ વ્યક્તિઓ નરેન્દ્ર મોદી, તત્કાલિન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને સંજય બાપુ આ મુલાકાત નહોતી રાજકીય કે વ્યવસાયિક આ બિનરાજકીય મુલાકાત નરેન્દ્ર મોદીની સંવેદનશીલતા અને નિરાભિમાની પણાની સાબિતી હતી. આજે દૂધાળા ખાતેની નરેન્દ્ર મોદીની મુલાકાત માં એજ સિલસિલો આગળ વધ્યો અને તેઓએ યાદ કરીને મળવા બોલાવ્યા સંજયબાપુ નેઅત્રે એ પણ નોંધનીય છે કે, ૨૦૦૨થી ૨૦૨૪ સુધીના નરેન્દ્ર મોદી સાથેના અંગતસંબંધોની કોઈ ડંફાશ કે અભિમાન સંજયબાપુના વાણી વર્તન કે વ્યવહાર માં જોવા મળ્યું નથી. અમરેલીમાં બહોળું મિત્રવર્તુળઅનેમોટોચાહકવર્ગધરાવતા સંજયબાપુની ઓળખ એ પોતાની ઓળખ છે. એક કેળવણીકાર, એક બિઝનેસમેન, એક બિલ્ડર, એક આઈ.ટી એક્સપર્ટ તેમજ એક અવ્વલ દરજજાની મેનેજમેન્ટ સ્કીલ ધરાવતા વ્યક્તિ તરીકેની એમની સફળ ભૂમિકાએ એમને અમરેલીમાં એક વિશિષ્ટ ઓળખ આપી છે. બિનપક્ષીય રીતેતમામ રાજકારણીઓમાં પણપ્રિય એવા આ વ્યક્તિત્વ એ નરેન્દ્ર મોદી સાથેના અંગતસંબંધોથી પોતાની ઓળખ ઉભી કરવાના પ્રયાસ પણ નથી કર્યા જેથી પરીણામે આજે સંજયબાપુને ઓળખતા વર્ગ પૈકી અડધાથી પણ વધારે નરેન્દ્ર મોદી સાથેના બાપુના આ અંગત સંબંધોથી અજાણ છે.

## સાવરકુંડલાનાં એસ.ટી. ડ્રાઈવર પઠાણને એટીઆઈનું પ્રમોશન



સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલાએસ.ટી.ડેપોના ડ્રાઈવર તરીકે અયુબખાન અલ્લારખભાઈ પઠાણને ATIની લેખીત પરીક્ષા પાસ કરીને વિભાગીય પરિવહન શાખા ખાતે ATI (Assistant Traffic Inspector) તરીકે પ્રમોશન મળતાં તેમને અમરેલી ડેપોમાં હાજર થતાં સાવરકુંડલા ડેપો મેનેજર નથવાણી, ટી.આઈ પુનીતભાઈ, એ.ટી.આઈ. મહેબુબભાઈ, સંકલન સમિતિના હોદેદારો દ્વારા ભાવભરી વિદાય આપવામાંઆવેલ. સાવરકુંડલાએસ.ટી ડેપોમાંએસ.ટીડ્રાઈવરતરીકે૨૮ વર્ષથી વફાદારીઅનેઈમાનદારીપુર્વકનોકરીમાં ફરજ બજાવતા આવે છે.

અમરેલી ખાતે ATI નું પ્રમોશન મળતાં તેઓએ સાવરકુંડલા મુસ્લિમ સમાજ અને પઠાણ પરિવારનું નામરોશન કરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૬૬ | ૧૦૪૨ |
| ૨ | શિંગ મોટી | ૭૬૦ | ૧૨૨૫ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૫૦ | ૧૦૬૦ |
| ૪ | તલ સફેદ | ૧૮૫૫ | ૨૬૫૫ |
| ૫ | તલ કાળા | ૨૭૩૦ | ૪૦૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૦૬૫ | ૩૩૦૪ |
| ૭ | બાજરો | ૪૦૫ | ૬૦૦ |
| ૮ | ઘઉં બંસી | ૬૫૪ | ૬૫૪ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૮ | ૭૨૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૭૫ | ૬૪૩ |
| ૧૧ | મગ | ૮૦૦ | ૨૦૧૦ |
| ૧૨ | અડદ | ૭૦૦ | ૧૮૦૦ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૩૪૨ |
| ૧૪ | ચણા સફેદ | ૮૪૦ | ૨૦૯૦ |
| ૧૫ | તુવેર | ૬૦૦ | ૧૩૩૦ |
| ૧૬ | વાલ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| ૧૭ | કપાસ | ૭૫૦ | ૧૫૭૭ |
| ૧૮ | એરંડા | ૧૦૫૫ | ૧૧૮૨ |
| ૧૯ | જીરૂ | ૩૮૦૦ | ૪૩૭૦ |
| ૨૦ | ધાણા | ૯૨૦ | ૧૫૪૦ |
| ૨૧ | મેથી | ૮૯૦ | ૧૦૦૦ |
| ૨૨ | સોયાબીન | ૬૦૪ | ૮૫૨ |

## સાવરકુંડલામાં દિવાળીનાં પર્વ મંદિરોમાં સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૨૮

આવી દિવાળી.. શિવમંદિરોમાં સફાઈ સાથે સોળે શણગાર સજવા સજજ થઈ રહેલ શિવમંદિરો. સાવરકુંડલા શિવશક્તિ સોસાયટી ખાતે આવેલ બુદધનાથ મહાદેવ મંદિરમાં મંદિરનું સફાઈ અભિયાન હાથ ધરવામાં આવેલ. ખુદ મંદિરના પૂજારી મંદિરનાં સમગ્ર પરિસરને હાથમા સાવરણો લઈને સાફ સફાઈ કરી સ્વચ્છ અને સુંદર કરતાં જોવા મળ્યા. તો નાના ભૂલકાઓ પણ સ્વેચ્છાએ આ મંદિરના પરિસરમાં ઉગેલ બીનજરૂરી છોડને દૂર કરતાં જોવા મળેલ. આવી દિવાળીના શુભ પર્વ નિમિત્તે આ મંદિરના પુજારી દ્વારા તમામ ભકતગણોને શિવમંદિરે દર્શનાર્થે પધારવા નિમંત્રણ પણ પાઠવવામાં આવેલ છે. ભારતીય સંસ્કૃતિની સનાતન પરંપરાને જાળવવા માટે પણ મંદિરે આવવું, દર્શન, પૂજા–અર્ચના કરવી વગેરે ભકતગણોનો નિત્ય ક્રમ બને એવી શિવજીના સાંનિધ્યમાં બુધ્ધનાથ મંદિરના પૂજારી દ્વારા પ્રાર્થના પણ કરવામાં આવેલ.

## અવસાન નોંધ

લીલીયા: નાના લીલીયાના રેમતબેન કાદરભાઈ કાતીયાર (ઉ.વ. ૮૩) જે સલીમભાઈ કાતીયાર, દિલાવરભાઈ કાતીયાર, જાહિદભાઈ કાતીયારના મમ્મી તા. ૨૬/૧૦/૨૦૨૪ને શનિવારે અલ્લાહપાકની રહેમતમાં પહોંચી ગયેલ છે. મર્હુમની જીયારત તા. ૨૮/૧૦/૨૦૨૪ને સોમવારે નાના લીલીયા ખાતે તેમના નિવાસ્થાને રાખેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૦ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૨૩૧ |
| ૩ | તલ સફેદ | ૨૧૧૦ | ૨૪૨૧ |
| ૪ | તલ કાળા | – | ૨૭૦૦ |
| ૫ | જીરૂ | ૪૦૫૦ | ૪૪૧૧ |
| ૬ | કપાસ | ૧૧૫૦ | ૧૫૪૮ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૮૪ |
| ૯ | બાજરો | ૪૯૦ | ૫૯૧ |
| ૧૦ | જુવાર | ૫૦૧ | ૮૪૦ |
| ૧૧ | મકાઈ | ૫૬૦ | – |
| ૧૨ | અડદ | ૯૦૦ | ૧૬૧૧ |
| ૧૩ | ચણા | ૭૫૦ | ૧૩૮૮ |
| ૧૪ | સોયાબીન | ૬૫૦ | ૮૫૨ |


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...

(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર

હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



સંકુલ દિવાળી વેકેશન ખૂલતાથી – ન્યુ બિલ્ડીંગમાં સવારે ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ – બપોરે કુમાર શાળા

★ બાયપાસ ગેઈટ નં.–5 – સેપરેટ CBSE ન્યુ બિલ્ડીંગ – સેપરેટ કમ્પાઉન્ડ સેપરેટ Entry Exit ★ EM ધો. ૧ થી ૧૦ – કુમાર શાળા ધો. ૬ થી ૧૨

★ સ્પોર્ટસ & અધર એક્ટીવીટી – સ્ટાફ સ્ટુડન્ટસ સેમીનાર – DG-RG-IG – લાયબ્રેરી – લેબોરેટરી – ઈ લર્નિંગ & ઓફીસ વ્યવસ્થા

★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી – ત્રિ છ ન પરિક્ષા – વ્યાજબી ફી – નવા પ્રવેશ ચાલુ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢરોડ, અમરેલી -Ad 068


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૪૦ | ૧૫૭૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૧૦ | ૯૯૫ |


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૮૮ | ૧૦૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૨૫ |
| ૩ | કપાસ | ૧૦૨૫ | ૧૫૭૦ |
| ૪ | બાજરો | ૪૧૦ | ૫૫૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૩૬ | ૬૭૧ |
| ૬ | જુવાર | ૪૯૧ | ૮૧૧ |
| ૭ | અડદ | ૧૨૦૧ | ૧૩૭૧ |
| ૮ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | ચણા | ૧૧૭૧ | ૧૪૭૮ |
| ૧૦ | સોયાબીન | ૭૨૫ | ૮૦૪ |
| ૧૧ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |

પાના ૧ ઉપરનું ચાલુ

## પ્રધાનમંત્રી મોદીએ ભારતમાતા સરોવરનું

જળસંચયના કામોથી સરોવર–ચેકડેમની હારમાળા સર્જાઈ છે. ગાગડીયો નદી પર આશરે ૩૦ જેટલા ચેકડેમ સરોવર બાંધવામાં આવ્યા છે.

મહત્વનું છે કે, ગાગડીયો નદીને ઊંડી અને પહોળી કરવાની કામગીરીથી આ વિસ્તારમાં ભૂગર્ભજળ સ્તર ઊંચા આવ્યા છે. આ સાથે અમરેલી જિલ્લાના લાઠી–લીલીયા તાલુકાના ખેડૂતોને પરોક્ષ સિંચાઈનો લાભ મળી રહ્યો છે.

ગાગડીયો નદી પર જળ રાશિથી છલોછલ ભરેલા સરોવર–ચેકડેમથી નયનરમ્ય નજારો સર્જી રહ્યા છે.

ભારતમાતા સરોવરની લોકાર્પણ વેળાએ રાજયના જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજયમંત્રી મુકેશભાઈ પટેલ, રાજયના મુખ્ય સચિવ રાજ કુમાર, ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડલ હેઠળ ગુજરાત સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ૩૫ કરોડના ખર્ચે લાઠીના દુધાળા ખાતે હેતની હવેલી પાસે ભારતમાતા સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

વોટરશેડ ડિપાર્ટમેન્ટ હસ્તકના ૪.૫૦ કરોડ લીટર પાણીની સંગ્રહશકિત ધરાવતા ચેકડેમને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા ઊંડો કરવામાં આવ્યો છે. આ સાથે તેની પહોળાઈ પણ વધારવામાં આવી છે. ચેકડેમની બંને બાજુએ માટી નાખીને તેની મજબૂતાઈમાં વધારો કરવામાં આવ્યો છે. તેના પરિણામે ચેકડેમની પાણીની સંગ્રહશકિતમાં ૨૦ કરોડલીટરનો વધારો થયો છે. આ ચેકડેમને 'ભારતમાતા સરોવર' નામ આપવામાં આવ્યું છે.

મહત્વનું છે કે, હાલ ભારતમાતા સરોવરમાં અંદાજે ૨૪.૫૦ કરોડ લીટર પાણીનો સંગ્રહ થયો છે. તેના કારણે આજુબાજુના ખેતરમાં આવેલા બોર તેમજ કૂવાના પાણીના સ્તરમાં વધારો થયો છે, જેના લીધે આસપાસના ગામોમાં પાણીની સગવડ થઈ છે અને ગામના ખેડૂતોને સિંચાઈ માટે પરોક્ષ રીતે લાભ મળ્યો છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૧ | ૧૪૭૫ |
| ૨ | સોયાબીન | ૭૬૨ | ૭૬૨ |
| ૩ | અડકદ | ૧૦૧૧ | ૧૦૧૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૯૦ |
| ૨ | કપાસ કોડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૩ | મગફળી નવી | ૧૦૩૯ | ૧૧૬૧ |
| ૪ | મગ | ૧૩૮૦ | ૧૫૬૦ |
| ૫ | અડદ | ૧૨૧૫ | ૧૪૬૫ |
| ૬ | ઘઉં | ૫૦૯ | ૬૫૧ |
| ૭ | જીરૂ | ૪૦૪૦ | ૪૩૬૦ |
| ૯ | તલ સફેદ | ૨૦૪૦ | ૨૨૯૦ |
| ૧૦ | ચણા | ૧૧૪૫ | ૧૩૧૫ |
| ૧૧ | સોયાબીન | ૭૪૭ | ૮૦૩ |
| ૧૨ | બાજરો | ૩૬૦ | ૪૦૦ |

### આશ્રમનાં મંહત પૂજ્ય ઘનશ્યામદાસબાપુની પાવન નિશ્રામાં

# બાબરા : તાપડીયા આશ્રમ ખાતે ૪ નવે.થી શ્રી રામચરિત માનસ કથાનો પ્રારંભ

**સાધુ, સંતો, મહંતો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે**

**કથા દરમિયાન તુલસી વિવાહ, તેમજ, ભજન,ભકિત અને ભોજનનો ત્રિવેણી સંગમ યોજાશે**

**આશ્રમનાં સેવક સમુદાય દ્વારા રામકથાને લઈને તડામાર તૈયારીઓ**

**ગોપાલદાસ બાપુ વ્યાસપીઠ પર બિરાજી સુમધુર વાણિમાં કથાનું રસપાન કરાવશે**







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૮

બાબરામાં તાપડીયા આશ્રમમાં આગામી તા.૪/૧૧/૨૪ થી શ્રી રામકથાનું ભવ્ય અને દિવ્ય આયોજ મંદિરના મહંત પૂજય ઘનશ્યામદાસબાપુ દ્વારા કરવામાં આવતા હાલ તાપડીયા આશ્રમ ખાતે બાબરા તેમજ અમરાપરા વિસ્તાર સેવક સમુદાય દ્વારા આગવું આયોજન માટે તૈયારીઓ કરી રહ્યા છે.

તાપડીયા આશ્રમના મહંત પરમ પૂજય ઘનશ્યામદાસબાપુની પાવન ઉપસ્થિતીમાં આયોજિત શ્રી રામ ચરિત માનસ જ્ઞાન યજ્ઞ કથાના વ્યાસપીઠે લાઠી તાલુકાના હીરાણાં ગામે આવેલ શ્રી રોકડીયા હનુમાનજી દાદા મંદિરના મહંત શ્રી ગોપાલદાસબાપુ બિરાજી સુગમ સુમધુર અને સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે.

અહીં તાપડીયા આશ્રમ ખાતે આયોજિત ભગવાન શ્રીરામની દિવ્ય કથાની પોથી યાત્રા તા.૪/૧૧/૨૪ ને સવારે ૯ કલાકે અહીં અમરાપરા રામજી મંદિરેથી વાજતે ગાજતે પ્રસ્થાન થઈ તાપડીયા આશ્રમ કથા સ્થળે પહોંચશે પોથી યાત્રામાં મોટી સંખ્યામાં સાધુ સંતો સેવકો તેમજ સ્થાનિક અગ્રણીઓ અને ભાવિકો જોડાશે.

તા ૪/૧૧/૨૪ થી ૧૨/૧૧/૨૪ સુધી આયોજિત શ્રી રામકથામાં મંગલાચરણ, શિવ વિવાહ, ધનુષભંગ, ભગવાન શ્રી રામ જન્મોત્સવ, શ્રી રામ વિવાહ, ભરત મિલાપ, રામેશ્વર સ્થાપના સહિતના વિવિધ ધાર્મિક પ્રસંગો ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે તેમજ તા ૧૨/૧૧/૨૪ ને મંગળવાર ના રોજ સાંજના ૪ કલાકે ભવ્ય તુલસિવિવાહ અહીં તાપડીયા આશ્રમ ખાતે યોજાશે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી ભગવાનના વિવાહના સાક્ષી બની ધન્યતા અનુભવ છે.

દરોજ સવારે ૯ થી ૧ દરમિયાન એક સત્રની કથા યોજાશે અને કથા દરમિયાન મહાપ્રસાદ સહિતની વ્યવસ્થા પણ આશ્રમ દ્વારા કરવામાં આવી છે તેમજ દરોજ રાત્રીના ભવ્ય ધૂન ભજન અને સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અમરાપરા ધૂન ભજન મંડળ ી તેમજ પૂનમબેન ગોંડલીયા, જનકભાઈ વેગડ અને પીયૂસભાઈ મિસ્ત્રી સહિત અને સૌરાષ્ટ્ર સુપ્રસિદ્ધ સંતવાણીના આરાધકો દરોજ રાત્રે સંતવાણી રજૂ કરશે

બાબરા તાલુકાના ધર્મપ્રેમી જનતાને શ્રી રામકથા તેમજ ભજન અને ભોજનનો લાભ લેવા તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

## અમરેલી : કોર્ટ કચેરી અને જનતા વચ્ચે સેતુની ફરજ બજાવતાં પારા લીગલ વોલેન્ટીયર્સની ડીસ્ટ્રીક્ટ કોર્ટ ખાતે ટ્રેનિંગ યોજાઈ



અમરેલી, તા. ૨૮

અમરેલી જયારે સામાન્ય જનતાને કોર્ટ કચેરીનું કોઈ કામકાજ ઉપસ્થિત થાય ત્યારે તેઓ એક પ્રકારની મુંઝવણ અનુભવે છે. તેઓને તે કામ માટે કોઈ કચેરીનો સંપર્ક કરવો, ત્યાં કોને મળવું, કયાં ડોકયુમેન્ટ સાથે રાખવા, કેટલો ખર્ચ થશે વિગેરે અનેક પ્રશ્નો મનમાં ઉદભવે છે. આ સવાલોના જવાબ મેળવવામાં અને જવાબ મળ્યા બાદ તે પ્રમાણેનું કોર્ટ કચેરીનું કામ પુરૂં કરવા સુધીની યાત્રામાં ગામડાંનાં સામાન્ય નાગરિકનાં નાકે દમ આવી જાય છે અને કયારેક મફતમાં કે ઓછા ખર્ચે થતાં કામમાં ઘણાં બધા રૂપિયા ખર્ચવા પડે છે. આવાં સમયમાં જો કોઈ એવી વ્યકિત કે સંસ્થા હોય કે જે આ બધા સવાલોનાં યોગ્ય જવાબ પણ આપે અને સાથે કોર્ટ કચેરીનાં કામ પૂરા કરવામાં મદદરૂપ પણ થાય.

સદભાગ્યે આવી વ્યકિતઓ પણ ઉપલબ્ધ છે અને સંસ્થા પણ ઉપલબ્ધ છે. એ વ્યકિત એટલે 'પી.એલ.વી.–પારા લીગલ વોલેન્ટીયર' કે જે જીલ્લા કક્ષાએ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સેવા સમિતિ સાથે મળીને કામ કરે છે. પી.એલ.વી.એ સામાન્ય જનતા અને કોર્ટ કચેરી વચ્ચે કડીરૂપ માધ્યમ છે. કોર્ટ, કાયદો, પોલીસ કે અન્ય સરકારી કચેરીથી અજાણ જનતાને તે કચેરી સુધી કોઈ ખચકાજ્ઞટ કે મુંઝવણ વગર પહોંચાડનાર સેતુ એટલે પારા લીગલ વોલેન્ટીયર.

નાલસાનાં માર્ગદર્શન મુજબ દરેક જીલ્લા અને તાલુકા કક્ષાએ સ્થાનિક કોર્ટમાં કાર્યરત લીગલ એઈડ કચેરીમાં પી.એલ.વી. ફરજ બજાવે છે. પી.એલ.વીઓને નાલસાની ગાઈડલાઈન મુજબ તાલીમબદ્ધ કરવામાં આવે છે. તે મુજબ અમરેલી જીલ્લાનું તમામ અગિયાર લીગલ એઈડ કચેરી ખાતે ફરજ બજાવતાં પી.એલ.વી.ઓની એકદિવસીય ટ્રેનિંગનું જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ , અમરેલી ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જીલ્લનભરનાં પી.એલ.વી.ઓને નામ. ડીસ્ટ્રીકટ જજ રીઝવાના બુખારીએ સંબોધન કરીને પી.એલ.વી.નાં રોલ વિશે માહિતગાર કર્યા હતા.ઉપકરોત ટ્રેનિંગમાં શ્વેતાબેન ગોહિલે મફત કાનૂની સહાય અને સલાહ બાબતે, લગ્નવિષયક કાયદાઓ બાબતે આર.એસ. ખીમસુરીયાએ, બાળકો અંગેના કાયદા, અધિકારો અને યોજનાઓ બાબતે પિયુષભાઈ જોટંગીયા, ચાઈલ્ડ પ્રોટેકશન ઓફિસરએ, સાયબર ક્રાઈમ અને સાયબર ફ્રોડનાં વિષયમાં નૈતિકભાઈ બાબરીયા, સાયબર પોલીસ સ્ટેશન સ્ટાફએ તાલીમવર્ગ લીધો હતો.

તેમજ મીડીયેશનનો અર્થ સમજાવતો લાઈવ ડેમો. આપવામાં નાજનીનબેન દલ, શ્વેતાબેન ગોહિલ, વી.જી.ખાચરે ભાગ લીધો હતો.આ ઉપરાંત પોલીસની ૧૮૧ સેવા, મહિલાલક્ષી કાયદાઓ અને યોજનાઓ બાબતે અમરેલી પોલીસની ૧૮૧ ટીમ તથા પારૂલબેન મહિડા અને નીતાબેન દામોદરાએ માહિતી આપી હતી. જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં સેક્રેટરી આર.વાય.ત્રિવેદીએ પી.એલ.વી.ની કામગીરી બાબતે છણાવટ કરી હતી. તેમજ નાલસાન૧૨ સ્કીમની સમજણ આપી હતી. કાર્યક્રમનું સંચાલન કિરણબેન ખોખરે કર્યુ હતું. પી.એલ.વી ટ્રેનિંગ પૂર્ણ થતાં તાલીમાર્થીઓને આઈકાર્ડ વિતરણ કરવામાં આવ્યું હતુ.પી.એલ.વી.ઓએ સઘન સમાજસેવા કરવાની નેમ સાથે તથા ભવિષ્યમાં પણ રીફ્રેશર યોજાય તેવી માંગણી સાથે તાલીમ પૂર્ણ કરી હતી.

### તુ કેમ અહી ગાળો બોલતો હતો તેમ કહીને

## લાઠીનાં વેપારી યુવક ઉપર પિતા–પુત્રએ કર્યો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૮

લાઠી ગામે આવેલ સેતાપાટી રહેતા અલ્તાફભાઈ ઉસ્માનભાઈ ગાગદાણી નામનાં ૩૨ વેપારી યુવક ગત તા. ૨૫ ના રાત્રીના ૧૦ વાગ્યે પોતાના ઘરે ચાલીને જમવા જતા હોય. ત્યારે તે જ ગામે રહેતા મનિષભાઈ રામભાઈ આહીર તથા તેના પિતા રામભાઈ આહીર નામનાં આરોપીઓનું નવુ મકાન બનતુ હોય ત્યા બંન્ને આરોપીઓ ઉભા હોય. ત્યા પહોંચતા બંન્ને આરોપીઓએ યુવકને ઉભા રાખીને કહેવા લાગેલ કે ગઈ તા. ૨૪ના રાત્રે તુ કેમ અહી ગાળો બોલતો હતો તેવુ કહી બંન્ને આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ યુવકને ગાળો આપી આરોપીઓએ સેન્ટીંગના લાકડાના બટકા વડે આરોપીએ લાકડાના બટકાનો એક ઘા ડાબા હાથની કલાઈ ઉપર મારી યુવકના ડાબા હાથની કલાઈ ઉપર ફેકચર કરી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## સરંભડા ખાતે શિક્ષક નિવૃતિ વિદાયમાન કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૮

અમરેલી સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર સંચાલિત કે કે શાહ જનતા વિદ્યાલય, સરંભડામાં સુદીર્ઘ સેવા આપી નિવૃત થતા ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક રમુભાઈ મોલડીયા વય મર્યાદાને કારણે નિવૃત થતા સંસ્થા તેમજ ગ્રામજનો દ્વારા તેઓનો વિદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આચાર્ય દિગંતભાઈ ઉપાધ્યાયના માર્ગદર્શનમાં યોજાયેલ કાર્યક્રમમાં નવયુગ કેળવણી મંડળ, સરંભડાના ઉપાધ્યક્ષ દલસુખભાઈ દૂધાત, ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ–બાલભવનના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, સર્વોદય સંસ્થાના ટ્રસ્ટી કે.પી.જોષી , કોળી સમાજ ના આગેવાન રમેશભાઈ ગોહિલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં ગામના સરપંચ પ્રતિનિધિ વિનુભાઈ દૂધાત, તાલુકા પંચાયત સદસ્ય પ્રતિનિધિ રાજુભાઈ કાછડીયા, ઉપ સરપંચ મધુભાઈ હરખાણી, ગામના આગેવાનો સર્વ મધુભાઈ દૂધાત, કનુભાઈ સેંજલિયા, વિઠ્ઠલભાઈ ગોંડલિયા, ધીરૂભાઈ ગઢીયા, કનુભાઈ દૂધાત, પરશોતમભાઈ દૂધાત, કાળુભાઈ દોંગા, વિનુભાઈ દોંગા, કિશોરભાઈ ચૌહાણ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમની શરૂઆત શિક્ષક રૂચિતા બહેન સાવલિયા દ્વારા તૈયાર કરાયેલ પ્રાર્થના, સ્તુતિ દ્વારા કરવામાં આવી હતી. સ્વાગત શાળાના આચાર્ય દિગંતભાઈ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. સર્વ મોટાભાઈ સંવટ, કે પી જોષી, દિગંતભાઈ ઉપાધ્યાય, અનિઢ્ઢભાઈ કોટડીયા, દલસુખભાઈ દૂધાત દ્વારા નિવૃત થતા શિક્ષક રમુભાઈની સેવા અને નિષ્ઠાની નોંધ લઈ અભિનંદન સાથે વિદાય પ્રવચન આપ્યું હતું.

શાળાના પૂર્વ શિક્ષક સ્વ.સનતભાઈ સોલંકીના આકસ્મિક અવસાનની નોંધ લઈને તેઓના પરિવારજનોને પણ આ તકે મરણોપરાંત સન્માન આપવામાં આવ્યું હતું.નિવૃત થતા શિક્ષક રમુભાઈને સન્માનપત્ર તથા શાળા પરિવાર, ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સ્મૃતિ ભેટ તથા શાલ ઓઢાડીને ભવ્ય નિવૃતિ વિદાયમાન આપવામાં આવ્યું હતું.

આ તકે શાળાના શિક્ષકો સર્વશ્રી આશિષભાઈ ભટ્ટ, જયંતિભાઈ સોલંકી, કમલેશભાઈ ભટ્ટ, રણજીતભાઈ રાઠવા, અનિઢ્ઢભાઈ કોટડીયા, ઢચિતાબહેન સાવલિયા, મહેન્દ્રભાઈ પરમાર, પ્રાથમિક શાળાના આચાર્ય બિનાબહેન પટેલ, હિતેષભાઈ કથિરીયા, ગોવિંદભાઈ રાઠોડ, સુખલાલ જોટંગિયા સહિત સહુએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## અમરેલી : ઘરે થી જાણ કર્યા વગર નીકળી ગયેલ યુવતીને તેના પરિવારને સોંપતી અભયમ હેલ્પલાઇનની ટીમ



અમરેલી, તા. ૨૮

અમરેલી એસ. ટી બસ સ્ટેન્ડ પર થી એક જાગૃત નાગરિક એ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ફાન કરી જણાવેલું કે એક યુવતી બસ સ્ટેન્ડમાં લાંબા સમયથી એકલી બેઠી છે. જેના પગલે ૧૮૧ અભયમ મહીલા હેલ્પ લાઈન ના કાઉન્સિલર પૂનમ ભૂવા અને મહીલા જી.આર.ડી. કાજલબેન તથા પાઈલોટ જગદીશભાઈ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા જયા હાજર રહેલ જાગૃત નાગરિકે યુવતી ને સુરક્ષિત જગ્યા એ બેસાડી રાખેલ હતી ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા યુવતીનું કાઉન્સીલીંગ કરતા યુવતી એ જણાવેલું કે તે મધ્ય પ્રદેશથી છે અને તેની ઉમર ૧૮ વર્ષ છે તથા વધારેમાં યુવતીએ જણાવેલું કે તે કોઈ યુવક સાથે ચાર દિવસ થી અહી આવેલી છે યુવતી એ જણાવેલું કે તે યુવક સાથે લગ્ન કરવાની ઈચ્છા થી અહી આવેલી યુવતીની વાત શંકાસ્પદ લાગતા ફરી યુવતી સાથે વાત ચીત કરેલ ત્યારબાદ યુવતી એ જણાવેલું કે તેનો ભાઈ અને અને પતિ અહી રહે છે તેના પતિ એ તેની સાથે જઘડો કરેલ તેથી ઘરે થી એકલી નીકળી ગયેલ તેની પાસે તેના પરીવારના કોઈ સભ્યના સંપર્ક નંબર પણ નથી તેથી યુવતી એ જણાવેલા રહેઠાણ પર સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા પોલીસ સ્ટેશન પર થી જાણવા મળેલુ કે યુવતી એક મહીના પહેલા પણ આ રીતે ઘરે થી જતી રહિ હતી ત્યારબાદ પોલીસ સ્ટેશન થી યુવતીના ભાઈના સંપર્ક નંબર મેળવી ત્યારબાદ યુવતીના ભાઈ સાથે ફોન પર વાત કરી યુવતી ના ભાઈ જણાવેલું કે તે લોકો મધ્યપ્રદેશ થી અંહિ ખેતરમાં મજૂરી કામ કરવા માટે આવેલ છે, વધારેમાં પુવતીના ભાઈએ જણાવેલ કે તેની બહેન ના લગ્ન થયેલાં છે અને તે તેના પતિ સાથે અહીં રહે છે અને સવારે ચાર વાગે બધા સુતા હતા ત્યારે કોઈને જાણ કર્યા વિના નીકળી ગયેલ છે અને તેઓ સવારથી તેની શોધખોળ કરી રહયા છે ત્યારબાદ યુવતીના ભાઈ અને પતીએ જણાવેલું કે તેઓ બાજુના ગામમાં જ રહે છે તેથી તે યુવતી ને લેવા માટે આવે છે તેથી તેઓ ન આવે ત્યાં સુધી યુવતી ને અહીં રાખવા જણાવેલું ત્યારબાદ યુવતી નો પતી અને ભાઈ યુવતી ને લેવા આવેલા ત્યારે સમગ્ર ઘટના અંગે યુવતીનાં પતીને યુવતી સાથે ઝગડો ન કરવા અંગે સમજાવ્યા અને યુવતી ને સુરક્ષિત તેમના પરિવાર ને સોંપેલ.

સેવાનો પર્યાય બનતી સંસ્થા એટલે...
Rotaract Amreli Gir | Rotary Amreli Gir
રોટરી કલબ ઓફ અમરેલી ગીર એવમ્ વેપારી મહામંડળ – અમરેલી એવમ્ રોટરેકટ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા આયોજીત...
દિવાલી ધમાકા ઓફર
દિવાળીના તહેવારમાં અમરેલી જિલ્લાના લોકોને આર્થિક લાભ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે
એકદમ વ્યાજબી ભાવે અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ફટાકડા ખરીદવા માટેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ એટલે...
દરરોજ લક્કી ડ્રો
ફટાકડા મેગા મોલ
છેલ્લા દિવસે ફાઈનલ ડ્રો
તો આવો પધારો...રાહ શેની જુઓ છો ? અને હા... સાથો સાથ આ પત્રિકા સાથે લાવનારને
ફટાકડા ની ખરીદી ઉપર 5% નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
અમારે ત્યાંથી અવનવી વેરાયટીના ફટાકડાની ખરીદી કરી, અમારા કલબ દ્વારા સમાજ માટે અવિરણ ચાલતી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સહાયરૂપ બનો...
ખાસ નોંધ : અમારા સ્ટોરમાં થનારી આવક માત્ર લોક ઉપયોગી સેવા કાર્યોમાં વપરાય છે.
આ વખતે ફટાકડા સ્ટોરમાંથી આવકનો ૨૫% ભાગ અમરેલીમાં બહેરા મૂંગા બાળકો માટે ચાલતી નિ:શુલ્ક સંસ્થા એટલે...મૂક-બધીર સંસ્થાને આપવામાં આવશે.
સ્થળ : હરિરામબાપા સર્કલ પાસે, મ્યુનિસિપલ ગર્લ્સ સ્કૂલના ગેટ નં.૨ ની સામે, નગરપાલિકા જનરલ પાર્કિંગ, અમરેલી.




## પર્યાવરણપ્રેમીએ જિલ્લાથી લઈને રાષ્ટ્રની જનતાને અનુરોધ કર્યો

# દિપોત્સવી પર્વે એક વૃક્ષનું વાવેતર કરો : ગોપાલ વસ્તરપરા

### દર વર્ષે આઝાદી દિન, પ્રજાસત્તાકદિન, રામનવમી, જન્માષ્ટમી કે અન્ય કોઈ પ્રસંગે વૃક્ષોનું વાવેતર કરવું જરૂરી

### જન્મથી લઈને અંતિમ શ્વાસ સુધીનાં એકમાત્ર સાથીદાર વૃક્ષનું વાવેતર કરવું જરૂરી



અમરેલી, તા. ૨૮

બાબરાનાં ચમારડીનાં વતની અને સુરત સ્થિત પ્રકૃતિપ્રેમી અને જેઓએ આજ સુધી હજારો વૃક્ષોનું વાવેતર કરીને ધરતીને લીલીછમ્મ બનાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરનાર ગોપાલભાઈ વસ્તરપરાએ દિપોત્સવી પર્વે સર્વે દેશવાસીઓને ઓછામાં ઓછા એક વૃક્ષનું વાવેતર કરવાનો અનુરોધ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, તેઓને દિવસ-રાત આ ધરતી પરથી નાશ થઈ રહેલ વૃક્ષોની ચિંતા સતાવે છે. કારણ કે વૃક્ષોનું નિકંદન નીકળી જશે. ભારતમાતાની ધરતી અંગારા જેવી એક દિવસ બની જશે અને દેશની પવિત્ર ભૂમિ પરથી જીવન ગાયબ થઈ જશે. ધરતી પર તમામ જીવ-જંતુઓને જીવવું મુશ્કેલ બનશે.

વધુમાં જણાવેલ છે કે, આધુનિકતાની હોડ, ઉદ્યોગોની લ્હાય અને પૈસાની ઝાકમઝાળનાં માહોલમાં આપણી પ્રકૃતિની જાળવણીને ભૂલી જવી એ આપણા સૌ માટે પાપ સમાન છે. દરેક દેશવાસીઓને જન્મથી મરણ સુધી સાથ વૃક્ષને ભૂલી જવું કે તેનું વાવેતર ન કરવું કે તેમનો નાશ કરવો અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંતની વિરૂધ્ધ છે.

દેશભરમાં દિપોત્સવી પર્વની ઉજવણીનો આસ્થા અને ઉત્સાહભેર પ્રારંભ થયો છે. તેવા સમયે દરેક દેશવાસી ઓછામાં ઓછું એક વૃક્ષનું વાવેતર કરે તેમજ આઝાદી દિન, પ્રજાસત્તાક દિન, રામનવમી, જન્માષ્ટમી, મહા શિવરાત્રી, દશેરા જેવા તહેવારો કે પરિવારમાં આવતા જન્મ, સગાઈ કે લગ્ન પ્રસંગે દરેક દેશવાસીઓ પાંચ વર્ષ સુધી વૃક્ષનું વાવેતર કરે તો આગામી પાંચ વર્ષમાં ભારત દેશની ધરતી લીલીછમ્મ બની જશે અને એરકંડીશનનો ઉપયોગ કરવાનું પણ ઓછું થઈ જશે તેમ અંતમાં જણાવેલ છે.



















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)